પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૨૦

**સુવિચાર**

તમે તમારી પાત્રતા કેળવતા રહો અને તમારૂં કાર્ય શુભ નિષ્ઠાથી કરતા રહો. પરમાત્મા સહાય કરશે કે નહિ કરે એવી નાહકની ચિંતા તમે ન કરશો.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## બાબરાનાં ચમારડી ખાતે ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાનાં ''રાધે ફાર્મ'' ખાતેથી

# અમરેલી, બગસરા, ખાંભાનાં ૭૦ ગામો માટે આજે સરદાર પટેલની પ્રતિમાનું પ્રસ્થાન

**ભારતની એકતાનાં પ્રતિક સરદાર પટેલની પ્રતિમા જિલ્લાનાં દરેક ગામોમાં ક્રમશઃ પ્રસ્થાપિત થઈ રહી હોય અનેરો ઉત્સાહ**

**સમાજ સેવક ગોપાલભાઈ વસ્તરપરા સ્વખર્ચે અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ૫ હજાર પ્રતિમા લગાવવા આગળ વધી રહ્યા છે**

**૭૦ ગામોનાં આગેવાનોને સરદાર પટેલની પ્રતિમા સુપ્રત કરવાનો કાર્યક્રમ આજે યોજાશે**

**છેલ્લા ૧૫ મહિનામાં ૫૦૦ કરતાં પણ વધુ ગામો અને સ્થળોએ પ્રતિમાનું સ્થાપન થઈ ચુકયું છે**

અમરેલી, તા. ૩
બાબરાનાં ચમારડી ગામે ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાનાં ''રાધે ફાર્મ'' ખાતે આવતીકાલ ગુરૂવારે અમરેલીનાં ૧૭, બગસરાનાં ૧૯ અને ખાંભાનાં ૩૩ ગામોમાં સરદાર પટેલની પ્રતિમા પ્રસ્થાપિત કરવાની હોય જેને લઈને ૭૦ પ્રતિમા પ્રસ્થાન કરવાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.





ગોપાલભાઈ વસ્તરપરા સ્વખર્ચે અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ૫ હજાર કરતાં પણ વધારે પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવાનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે અને તેઓએ છેલ્લા ૧૫ મહિનામાં અમરેલી જિલ્લા સહિત જુદા-જુદા ૫૦૦ સ્થળો અને ગામોમાં સરદાર પટેલની પ્રતિમાનું પ્રસ્થાપન કરાવી ચુકયા છે. ક્રમશઃ ૫ હજાર પ્રતિમા લગાવી દેવામાં આવશે.

## અમરેલી, બગસરા અને ખાંભાનાં જે ગામોમાં સરદાર પટેલની પ્રતિમા લગાવવાની છે તે ગામોની યાદી

**ખાંભા :** રબારીકા, અનિડા, પિપરીયા, સાળવા, ત્રાકુડા, બાબમણ મોટા, રાયડી, નેસડી-૨, પાટી, સરાકડીયા મોટા, ઉમરીયા, ભાડ વાંકીયા, જીકયાળી, સમઢીયાળા, રૂગનાથપુર, ઈંગોરાળા (ભાડ), નિંગાળા-૨, વાંકીયા (ભાડ), ડેડાણ, જીવાપર, કાતરપરા, લાસા, ખાંભા, મુંજયાસર, પચપચીયા, પીપળવા, તાલડા, રાણીંગપરા, ખડાધાર, નાના વિસાવદર, નાનુડી, કોટડા, જુના માલકનેશ.

**અમરેલી :** નાના ગોખરવાળા, ખિજડીયા (રાદડીયા), પિઠવાજાળ, રાજસ્થળી, રાંઢીયા, સાંગાડેરી, વેણીવદર, શંભુપુરા, સરંભડા, જસવંતગઢ, માંગવાપાળ, માલવણ, માળીલા, કાઠમાં, કેરીયા ચાડ, હરિપુરા, રીકડીયા, તરકતળાવ.

**બગસરા :** નવી હળિયાદ, જુની હળિયાદ, માણેકવાડા, નાના મુંજીયાસર, કડાયા, હાલરિયા, સમઢિયાળા, કાગદડી, માવજીંજવા, પીઠડીયા, જુના વાઘણીયા, નવા વાઘણીયા, હડાળા, ચારણ પીપળી, જેઠીયાવદર, નવા પીપળીયા, નવા ઝાંઝરીયા, જુના ઝાંઝરીયા, ઘંટીયાણ.

## રાષ્ટ્રીયકૃત બેન્ક દ્વારા ગ્રાહકોને લૂંટવામાં કોઈ કમી રખાતી નથી

# અમરેલીની બેન્ક ઓફ ઈન્ડિયાનાં ગ્રાહકને ૩૮ પેજનાં સ્ટેટમેન્ટ માટે રૂપિયા ૪૭૭૯ ચુકવવા પડયા

**એટીએમ, સ્ટેટમેન્ટ, ચેક રીટર્ન સહિતની દરેક કામગીરીમાં લૂંટમલૂંટ**

અમરેલી, તા. ૩
અમરેલી ખાતે આવેલ બેન્ક ઓફ ઈન્ડિયામાં સેવિંગ્ઝ ખાતુ ધરાવનાર ગ્રાહકને ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધીનું

અનુસંધાન પાના ૬ ઉપર







**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.









## અમરેલી જિલ્લાનાં દલિત કોંગી નેતા શાંતિલાલ રાણવાએ કરી માંગ

# કેન્દ્ર સરકારે વિપક્ષોનાં આક્ષેપ અંગે શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ

**ઈવીએમ, અમીરોની દેવા માફી, જાહેર કંપનીઓનું વેચાણ સહિતનાં મામલે દૂધનું દૂધ ને પાણીનું પાણી કરવું જોઈએ**

**મીડિયા જગત સત્ય હકીકતો રજૂ કરતું ન હોય કે રજૂ કરી શકે તેમ ન હોય તો સરકારે ખુલાશો કરવો જોઈએ**

**પાકિસ્તાનનાં કબ્જામાંથી પીઓકે ક્યારે પરત લેવાનાં છો તે અંગે પણ દેશવાસીઓને જાણ કરો**

**મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, ગરીબી અંગે પણ જે કોઈ આયોજન હોય તે જાહેર કરવું જોઈએ**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાનાં દલિત કોંગી નેતા શાંતિલાલ રાણવાએ કેન્દ્ર સરકાર સમક્ષ વિપક્ષો ધ્વારા જે આક્ષેપ કરવામાં આવે છે તે અંગે કેન્દ્ર સરકારે ખુલાશો કરવા માટે શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ તેવી માંગ કરેલ છે.



વધુમાં જણાવેલ છે કે, (૧) ઈવીએ હટાવીને બેલેટ પેપરથી ચૂંટણી કરાવો., (૨) છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા ઉદ્યોગપતિના કેટલા લેણાં માફ કર્યા., (૩) દેશના કેટલા પબ્લિક સેકટર વેંચી નાખ્યા., (૪) દેશની કેટલી સરકારી હોસ્પિટલો પ્રાઈવેટ સંસ્થાઓને વેંચી., (૫) ૧૦ વર્ષમાં બજેટમાં દલિતો, આદિવાસીઓ માટે ફાળવેલ નાણાં બીજી જાહેરાતો, તાઈફાઓમાં હેડ ફેરવીને વાપરી નાખ્યા., (૬) હકીકતમાં ચીને આપણી કેટલી જમીન હડફ કરી છે., (૭) તમામ પ્રકારના મીડિયા દેશની કોઈ મુશ્કેલી કેમ રજુ કરતા નથી. સરકારની જ વાહ વાહ કરે છે., (૮) હિન્દુ રાષ્ટ્ર જાહેર કરીને સંવિધાન બદલાવીને મનુસ્મૃતિ લાગુ કરવા માગો છો કે કેમ. (૯) એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની નિયત ટકાવારી મુજબ ભરતી ૧૦૦% કરવા માંગો છો કે કેમ., (૧૦) દેશમાં જાતિ જનગણના કરી વસ્તીની સંખ્યાના પ્રમાણમાં દરેક વિભાગોમાં અનામત લાગુ કરવા માંગો છો કે કેમ., (૧૧) પાકિસ્તાન પાસેથી પીઓકે કયારે પરત લેવાના છો., (૧૨) ધાર્મિક કટ્ટરવાદ બંધ કરીને ભાઈચારાની જિંદગી લોકો જીવી શકે તેવી કોઈ કામગીરી કરવા માંગો છો કે કેમ., (૧૩) દેશમાં વ્યાપ્ત મોંઘવારી, બેરોજગારી, ભષ્ટ્રાચાર, કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માંગો છો કે કેમ., (૧૪) દલિતો, આદિવાસીઓને હિન્દુ ગણો છો કે કેમ ? જાહેર કરો., (૧૫) દલિતો સાથે કોઈ જાતનાં ભેદભાવ ન રાખવા, તેના ઉપર અત્યાચાર ના કરવા સવર્ણ સમાજને અપીલ કરવા માંગો છો કે કેમ.

આમ ઉપરની બાબતો ઉપર સરકાર એકે તપત્ર બહાર પડે તેવી માંગ અંતમાં કરેલ છે.

### મહારાષ્ટ્રનાં ઔરંગાબાદનાં કોઈ વેપારીએ આધુનિક ટેકનોલોજીનાં આધારે કર્યુ કાર્ય

# અમરેલીમાં ખાનગી નોકરી કરીને મહિને ૬ હજાર રૂપિયા કમાતા રઘુવંશી યુવકનાં નામે કરોડો રૂપિયાનું ટર્નઓવર

**રાજ ખખ્ખર નામનાં યુવકે સીટી પોલીસમાં અરજી આપી મદદ માંગી**

અમરેલી, તા. ૩

ભારત દેશમાં વાજતે–ગાજતે રાત્રિનાં ૧૨ નાં ટકોરે લાગુ થયેલ ''જીએસટી''ની ભરપૂર પ્રશંસા કરવામાં આવી અને તેમાં ''ઓનલાઈન'' પધ્ધતિનાં ઉપયોગથી સરળતાં વધશે તેવા અનેક દાવાઓ થયા પરંતુ તેમાં અનેક નિર્દોષ વ્યકિતઓ ''જીએસટી'નાં ચકકરમાં કારણ વગર ફસાઈ રહ્યાનું અવારનવાર બહાર આવી રહ્યું છે.

દરમિયાનમાં અમરેલીની ખાનગી દુકાનમાં મહિને ૬ હજારનાં વેતનથી કામ કરતાં રાજ ખખ્ખર નામના રઘવંશી યુવકનાં નામે મહારાષ્ટ્રનાં ઔરંગાબાદનાં કોઈ વેપારીએ કરોડો રૂપિયાનું પ્લાયવુડ સહિતનું ટર્નઓવર કર્યાનું તે યુવકને જણાતા તેઓએ સીટી પોલીસમાં અરજી આપેલ છે.

અરજીમાં જણાવેલ છે કે, અમો બે દિવસ પહેલા ઈન્કમટેક્ષ રીર્ટન ભરવા ઈન્કાવયરી કરતા અમોને જાણવા મળેલ છે કે, અમારા નામે ગત નાણાંકીય વર્ષ અને ચાલું નાણાંકીય વર્ષમાં જીએસટી નંબર મેળવી કુલ રૂા. ૫ કરોડ આસપાસનું ટર્નઓવર કરવામાં આવેલ છે.

અમો સામાન્ય નોકરી કરીએ છીએ. મારા પિતા થેલાની ચેઈન રીપેરીંગ કરવાનું કામ કરે છે. કોઈ અજાણ્યા વ્યકિત ધ્વારા અમારા પાનકાર્ડ, આધારકાર્ડનો ઉપયોગ કરી અમારા નામે જીએસટી નંબર મેળવી અમારા નામે ખોટા ધંધાની હેરાફેરી દર્શાવી સરકારને નુકસાન પહોંચાડેલ છે અને તેનો તમામ ઓનલાઈન ડેટા અમારા પાનકાર્ડમાં આવતો હોય, તેના હિસાબો રજુ કરવાની જવાબદારી અમારા શીરે આવી શકે તેમજ સરકારી ઈન્કાવયરી પણ આવી શકે.

અમારા સાધનીક પુરાવાનો ઉપયોગ કરી આવું ખોટું કામ કરનાર વ્યકિતને શોધી–પકડી પાડવમાં આવે અને અમો ગરીબ–નિર્દોષ વ્યકિતને આવી કોઈ કાર્યવાહીમાં ઘસડવામાં ન આવે તેવી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### સ્વચ્છ ભારત અંતર્ગત કામગીરી

# ખાંભા ગ્રામ પંચાયત દ્વારા ધાતરવડી નદીમાં સફાઈ કાર્ય

**યુવા સરપંચ રીનાબેન ખુમાણનાં કાર્યની પ્રશંસા**

ખાંભા, તા. ૩

ખાંભાની ઐતિહાસિક એવી ધાતરવડી નદીમાં ૨૦ વર્ષ પહેલાંના સત્તાધિશો દ્વારા ભૂગર્ભ ગટરના મળમૂત્ર સહિતની ગંદકીની ઊંધી કુંડી ૮, ૧૦ જેટલા ધાતરવડી નદીના પટમાં બનાવવાથી અને અધૂરી યોજનાના પાપે અને સંપમાં ગંદકી પાણી મશીનથી ઠાલવવાનું હોવાના કામોના પણ ઠેકાણા ન હોવાથી ખાંભાની ગટરનું પાણી ઊંધા ગરીયા આકારની સ્ટોરેજ થઈ નદીના પટમાં ફરી વળતા હોવાના કારણે નદીમાં જાડી જાખરા બાવળ સહિતના ઝાડવા અને ઘાસ ઉગી નીકળવા સાથે સુખી નદીના



પટમાં ગંદા પાણીના ખાબોચિયા ભરાતા માખી, મચ્છર, જીવાતનો ઉપદ્રવ વધવાથી નદીકાંઠાના વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાના કારણે નદીમાંથી ગંદકી જાડી જાખરા ખાંભાના યુવા સરપંચ રીનાબેન ખુમાણ દ્વારા નદીની સફાઈ કરવાનું આયોજન કરી જેસીબીથી નદીના પટમાંથી ગંદકી ઝાડવા દૂર કરી ખરા અર્થમાં સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત સાર્થક કરી નદીને સ્વચ્છ કરી ખરા અર્થમાં નદી માતાની વ્યાખ્યા સાર્થક કરેલ.

### એડવોકટ ઉદયન ત્રિવેદી અને વી.એ. વાળાની દલીલો સફળ

# એટ્રોસીટી અને જીવલેણ ગુન્હો કરવાનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**ધારીનાં એડીશ્નલ સેશન્સ જજે ચુકાદો જાહેર કર્યો**

અમરેલી, તા. ૩

ધારીનાં નાની ગરમલી ગામે ૨૪ જુન–૨૦૨૧ ના રોજ ફરિયાદીને અગાઉનું મનદુઃખ રાખી, જાનથી મારી નાખવાનાં ઈરાદે ફોર વ્હીલ વાહનથી જીવલેણ હુમલો અને એટ્રોસીટીનો ગુન્હો કરનાર આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામનો બનાવ તા. ૨૪/૬/૨૦૨૧ ના રોજ આ કામનાં આરોપી મહીપતભાઈ અનકભાઈ વાળાએ નાની ગરમલી તા.ધારી ગામે આ કામનાં ફરિયાદી પોતાનું હીરો હોન્ડા મોટરસાયકલ ચલાવીને નાની ગરમલી ગામેથી કરેણ ગામે જતા હોય ત્યારે આરોપીએ ફરીયાદી સાથેની અગાઉ બે માસ પહેલા થયેલ બોલાચાલીનો બદલો લેવા આરોપીએ તેમની સ્વીફટ ગાડી ઈરાદાપુર્વક ફરિયાદીને મારી નાખવાનાં ઈરાદાથી પુરપાટ ઝડપે ચલાવી ફરિયાદીના બાઈક સાથે સામેથી પુરઝડપે ચલાવી અકસ્માત કરી મારી નાખવાનાં ઈરાદે ફરીયાદીને તેમના મોટર સાયકલ સાથે અથડાવી તેને ખાળીયામાં ઉતારી દીધેલ બાદ તે સમયે આ કામનાં ફરીયાદી પોતાનું મોટર સાયકલ લઈ પોતાનાં ગામ તરફ જતા હોય ત્યારે આરોપીએ ફરીયાદ ફરીયાદીને તેમનાં મોટર સાયકલ સાથે જાનથી મારી નાખવા ઈરાદાપુર્વક તેમની સ્વીફટ ગાડી





તેમનાં પર ચડાવી દીધેલ. જેથી ફરીયાદીને બંને પગ ઢીંચણ ઉપર તથા બંન્ને હાથે કોણીનાં ભાગે તથા પડખાની જમણીબાજુના ભાગે તથા માથના ભાગે કપાળ ઉપર ટાંકા લાવી તેમજ કપાળનાં ભાગે ફેકચર કરી ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ કરેલ તેમજ ફરીયાદી અનુ.જાતિનાં હોવાનું જાણતા હોય અને ભુતકાળનાં મનદુઃખના કારણે તેનો બદલો લેવા ઈરાદાપુર્વક ફોર વ્હીલથી જાનથી મારી નાખવાનાં ઈરાદે ગંભીર જીવલેણ ઈજા કરી નાસી જઈ ગુન્હો કર્યા હોવાની ફરીયાદ આ કામનાાં ફરીયાદીએ ચલાલા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૦૭, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૦, ૧૮૧ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો, ત્યારબાદ તપાસનાં અંતે આ કામનાાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારીનાં એડીશનલ સેશન્સ જજ એમ.એન.શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફ થી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા ઘણા મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતાં આ કામનાં ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામનાં આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ વી.એ. વાળા તથા એડવોકેટ યુ.એચ.દેવાયતકા તથા એડવોકેટ એ.એમ.વાળા રોકાયેલ હતા.

### પગારનું નવું સેટઅપ ગોઠવવાનું શુભ ચોઘડિયું આવતું નથી

# હે રામ : અમરેલી જિલ્લામાં નવા વરાયેલા ૫૪૦ જ્ઞાન સહાયકોને પગાર ચુકવવામાં ઠાગાઠૈયા

**છેલ્લા ૨ મહિનાથી ભરતી કરવામાં આવી હોય એક રૂપિયો વેતન મળતું નથી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં શિક્ષણમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે તે વચ્ચે તંત્ર ધ્વારા ફીકસ પગારમાં જ્ઞાન સહાયકોની ભરતી કરાયા બાદ ૫૪૦ કર્મચારીઓ બે મહિનાથી કામ કરી રહ્યાં હોવા છતાં હજુ સુધી તેમને એકપણ પગાર ચુકવવામાં આવ્યો નથી.

અમરેલી જિલ્લામાં આવેલી શાળાઓમાં મોટા ભાગની શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને તેના કારણે શિક્ષણને ગંભીર પ્રકારની અસર થઈ રહી છે. બીજી તરફ અનેક યુવાનો ડીગ્રી હોવા છતાં બેકાર છે પણ તંત્ર ધ્વારા ધરાર ખાલી જગ્યાઓ પર ભરતી કરાતી નથી અને તેની જગ્યાએ માત્ર ૨૧ હજારના નજીવા ફીકસ પગારમાં જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી છે. તેમાં અમરેલી જિલ્લામાં ૫૪૦ જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી હતી. તેઓ છેલ્લા બે મહિનાઓથી પોતાની ફરજ બજાવી રહ્યાં છે. કેટલાક યુવાનો તો નોકરી મેળવવા માટે બીજા જિલ્લામાં નોકરી કરી રહ્યા છે જયાં તેમનો રહેવાનો, જમવાનો વગેરે મોટો ખર્ચ થાય છે. પણ બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી એકપણ પગારની ચુકવણી કરવામાં આવી નથી જેના કારણે તેમની આર્થિક હાલત કફોડી બની ગઈ છે.

આ મુદે અમરેલીનાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું કે, તેમનો પગાર ગાંધીનગરથી સીધો જ તેમના ખાતામાં જમા થવાનો છે તેમાં સ્થાનિક તંત્રની કોઈ ભૂમિકા નથી. આ પગાર જમા કરવા માટે સેટઅપ ગોઠવાઈ રહ્યું છે તેના કારણે વાર લાગી છે. ટૂંક સમયમાં તે થઈ જશે એટલે પગાર ખાતામાં આવી જશે અને તે પછી નિયમિત રીતે થશે. માત્ર શરૂઆત હોવાથી જ સમસ્યા છે.

# બાબરાનાં ખાખરીયા ચોરા પાસે જુગાર રમતા ૪ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાંથી દારૂ–જુગારની બદી દુર કરવા પ્રોહી–જુગાર કેસ કરવા સુચના આપેલ હોય. જેના પરીણામલક્ષી કામગીરી કરી આવી ગુન્હાહીત પ્રવૃત્તિ કરતા ઈસમોને ઝડપી પાડવા નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર સી.એસ. કુગસીયાની સુચનાથી બાબરા પોલીસ સ્ટાફે બાબરા ટાઉનમાં અલ્લારખભાઈ કાસમભાઈ મેતર, શામજીભાઈ ઉર્ફે આયાભાઈ ગોવાભાઈ પરમાર (રહે. ગઢડીયા, તા. જસદણ), વીનુભાઈ સાર્દુલભાઈ સુરેલા (રહે. મીયાખીજડીયા, તા. બાબરા) તથા મુકેશભાઈ બાબુભાઈ વણજારા (રહે. બાબરા) વાળાને બાબરા–ખાખરીયા ચોરા પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૦૨૬૦ સાથે




પકડી પાડી તેઓના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ભાજપનાં અગ્રણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને મદદ માંગી

# હે રામ : ચલાલામાં ૫૦૦ જેટલા પરિવારોને ૨ વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની રકમ મળતી નથી

**સરકારી યોજનાની મસમોટી જાહેરાતો સામે વાસ્તવિકતા અતિ દયનીય**

ચલાલા, તા. ૩

ચલાલાનાં પુર્વ આચાર્ય અને બુદ્ધિજીવી સેલ જિલ્લા ભાજપ અગ્રણી બિચ્છુભાઈ માલાની યાદી જણાવે છે કે, ચલાલામાં વડાપ્રધાન આવાસ યોજના અંતર્ગત કાર્યવાહીમાં અનિયમિતતા સર્જાયેલ છે. છેલ્લે કોરોનાં કાળ અને પછી એકાદ વર્ષથી આ કાર્યવાહીમાં વિસંગતાઓ ઉભી થવા પામેલ છે. હાલ ચલાલા શહેરી વિસ્તારમાં ૫૦૦ જેવા મકાનો મંજુર થયા છે. તમામ લાભાર્થીઓનાં બાંધકામ ચાલુ છે. પણ છેલ્લા બે વર્ષથી ઉપરોકત કાર્યવાહીઓમાં અનીમીતતા સર્જાયેલ છે. સમયસર નાણાચ મળતા નથી. જેના કારણે કામોમાં રૂકાવ આવેલ છે. જેનો ભોગ આવાસ યોજનાનાં લાભાર્થીઓ બની સહયા છે. અને હેરાન પરેશાન થઈ ગયા છે. તમામ કાર્યવાહી ધીમી ગતીએ ચાલે છે. જેથી બાંધકામની તમામ માલ સામાનના ભાવ દિવ પ્રતિદિન વધી રહયા છે. જેની સીધી અસર લાભાર્થી પર પડી રહી છે. ચલાલામાં કયાં અને કોને રજુઆતો કરવી લાભાર્થીઓ દિવ્યામાં મુકાયા છે. જેનું કારણ ચલાલામાં પરિપકવ નેતૃત્વનો અભાવ સ્પષ્ટ દેખાય છે.

વધુમાં જણાવેલ છે કે છેલ્લા છ માસથી તમામ કાર્યવાહીઓમાં રૂકાવટ આવેલ છે. અગાઉનાં મંજુર થયેલા ૪૦ થી ૫૦ મકાનો મંજુર થયા છે. છતાં છેલ્લે છ માસથી કામ શરૂ કરતા નથી. જેના કારણે એકાદ વર્ષથી નવા માંગણીદારોની અરજીઓ પેન્ડીંગ પડી છે. નવા ડીપીઆર થતા નથી. આમ તમામ કાર્યવાહીઓમાં અનેકવિધ વિશંગતતાઓ ઉભી થવા પામી છે. જેનો ભોગ આવાસ યોજનાનાં લાભાર્થીઓ બની રહયા છે. ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લઈ ભાજપ અગ્રણી દ્વારા ગુજરાતની મુખ્યમંત્રીને લેખિત રજુઆતો કરવામાં આવેલ છે.

### પુરતા પ્રમાણમાં સીસીટીવી ન હોવાથી

# લ્યો બોલો : ધારીના આંબરડી સફારી પાર્કમાંથી વીજ ઉપકરણોની ચોરી

### આરએફઓએ પોલીસની મદદ માંગી



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૩

ધારી નજીક આવેલા આંબરડી સફારી પાર્ક આમ તો સિંહદર્શન માટે જાણીતુ છે. પરંતુ અહિં અનેક બનાવો એવા બને છે જે સ્ટાફની બેદરકારીથી બને છે. તેવામાં અહિં આવેલ પ્રવાસન રેન્જની સામે આવેલ હોલમાંથી ઈલેકટ્રોનિકસ ઉપકરણોની ચોરી થયાનું સામે આવ્યુ છે. જે અંગે વનવિભાગે પોલીસને જાણ કરી છે.


આ અંગેની વિગત મુજબ ધારી આંબરડી સફારી પાર્કમાં નવનિર્માણ પામેલ હોલ અને અન્ય ઈમારતોના કબજો ગુજરાત ટુરિઝમે વનવિભાગને સોંપી દિધો છે. તેવામાં અહિં આવેલ પ્રવાસન રેન્જની કચેરી સામે આવેલ હોલ તથા રૂમમાંથી લાઈટ, પંખા, વોટર કુલર, વોટર ફિલ્ટર સહિતની વસ્તુઓની ચોરી કોઈ ચોર કરી ગયુ હતુ.

આ અંગે વનવિભાગના અધિકારીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે અહિથી વિજ ઉપકરણો જેવા કે ૪ પંખાની ચોરી થયાનું કહ્યું હતું તેમજ આ અંગે ધારી પોલીસને જાણવા જોગ ફરિયાદ આપવામાં આવી છે. તેમજ સફારી પાર્કમાં સી.સી.ટી.વી. અંગે પુછતા તેમણે જણાવ્યુ હતુ કે તે તરફના સી.સી.ટી.વી. હજુ કાર્યરત કરાયા નથી અને મેઈન ગેટ અને અન્ય જગ્યા એ સી.સી.ટી.વી. છે પરંતુ અહિ આવવા માટે ૩ થી ૪ એન્ટ્રી અને એકસીટ પોઈન્ટ હોય કોણ ચોરી કરી ગયુ તે સ્પષ્ટ થયુ નથી. ત્યારે અહિ મહત્વપુર્ણ સવાલ એ છે કે અહિ સિંહ સહિતના વન્ય જીવ રહે છે. જો કોઈ ચોર અથવા શિકારી વન્યજીવને નુકસાન પહોંચાડે અથવા સફારી પાર્ક અંદરથી ચોરી થાય તો જવાબદાર કોણ તેમજ વનવિભાગ પાસે આ અંગે પુરતી સુરક્ષા વન્ય પ્રાણીઓ માટે છે કે કેમ તેની પણ તપાસ જરૂરી છે .

### શ્રીમાન દામાજીરાવ ગાયકવાડે ૧૩૦ વર્ષ પહેલા સુંદર ઈમારતો બનાવી હતી

# દામનગરની ઐતિહાસિક ઈમારતો જાળવણીનાં અભાવે નષ્ટ થવાનાં આરે છતાં પણ કોઈને ચિંતા થતી નથી

### જવાબદાર તંત્રનાં અધિકારીઓએ આળશ ખંખેરવી જરૂરી છે



દામનગર, તા. ૩

દામનગર શહેરની મધ્યમાં ૧૮૮૯ ની સાલમાં શ્રીમાન દામાજીરાવ ગાયકવાડ સરકારે બનાવેલ વહીવટદાર કચેરી, પોલીસ સ્ટેશન અને ગ્રામ પંચાયત કચેરીની ઈમારતો ઉપયોગ ન થવાને કારણે જર્જરિત અને જોખમી બની છે. આ ત્રણ ઈમારતો ના.કા.ઈ. મા. મ. પે. વિ.ર, અમરેલી હસ્તક છે. છેલ્લા ૧૪ વર્ષથી આ ભવ્ય ઈમારતો બંધ હાલતમાં છે પણ કિંમતી બારી બારણા અને લોખંડ ગાયબ થયેલું જોવા મળે છે. વિકાસને લગતી યાત્રાઓ યોજાય છે, પરંતુ જવાબદાર તંત્રના અધિકારીઓને ખબર હોવા છતાં અને ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં આ જોખમીઈમારતોને તોડી પાડવામાં આવતી નથી...!! સવાલ એ થાય છે કે સ્થાનિક તંત્ર, ધારાસભ્ય અને કલેકટર તંત્ર દ્વારા ગંભીર થઈને આ બિન ઉપયોગી ઈમારતોને ઉતારી લેવામાં કેમ જવાબદારી લેતું નથી..!! શ્રીમાન ગાયકવાડ સરકારે બનાવેલી આ ઐતિહાસિક ઈમારતો પ્રત્યે સરકારી તંત્ર ઉદાસીન વલણ રાખી રહ્યું છે.... અધિકારીઓની કે પદાધિકારીઓની કોઈ જવાબદારી નહિ..જો તાકીદે આ ઈમારતોને ઉતારી લેવામાં નહિ આવે તો મોટો અકસ્માત થવાની પૂરેપૂરી શકયતા નકારી શકાય નહી..!!

### ભાજપ દ્વારા લોકસભાની ચુંટણીની તૈયારી શરૂ

# અમરેલી લોકસભા વિસ્તારનાં ભાજપનાં પ્રભારીપદે પુર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા

### થોડા દિવસો બાદ કાર્યાલય પણ શરૂ થશે

અમરેલી, તા. ૩

દેશમાં લોકસભાની ચુંટણી આગામી એપ્રિલ – મે માસમાં યોજાવાની હોય સતાધારીપક્ષ ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પ્રચાર–પ્રસાર, સંગઠન, જનકલ્યાણકારી યોજનાઓ, સહિતની કામગીરી પુરજોશમાં શરૂ થઈ છે.



દરમિયાનમાં અમરેલી લોકસભા બેઠકનાં ઈન્ચાર્જ તરીકે પુર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપનાં ચુંટણી કાર્યાલયનો પ્રારંભ પણ જાન્યુઆરીમાં થઈ જવાની સંભાવનાં જોવા મળી રહી છે.

### ગામના જાગૃત નાગરિક દકુભાઈ બુટાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# લીલીયામોટાનાં ભેંસવડી ગામેથી પસાર થતી શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી રાઉન્ડ ધ કલોક રેતીની ચોરી

### સરકારની તિજોરી તેમજ માર્ગો અને વન્ય પ્રાણીઓને પણ નુકસાન

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ખનિજ માફિયાઓ છેલ્લા ૧૦ વર્ષથી બેખૌફ બન્યા છે અને ભ્રષ્ટ અધિકારીઓની તિજોરી નાણાથી છલોછલ થઈ રહી હોય તેવા સમયે લીલીયાના ભેસવડીના જાગૃત નાગરિક દકુભાઈ બુટાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાના ભેસવડી ગામે ૨૪ કલાક શેત્રુજી નદીમાં વગર રોયલ્ટીથી રેતી ચોરી થાય છે. જેની લેખીત ફરિયાદો ઘણી વખત કરી છે. છતાં આ રેતી ચોરી અટકતી નથી અને લાખો રૂપિયાની વગર રોયલ્ટી પાસથી રેતી ચોરી થઈ રહી છે જેમાં વાહનો વાપરવામાં આવે છે તે નંબર પ્લેટ વગરના વાપરવામાં આવે છે અને ઘણા જવાબદાર અધિકારીના અને પદાધિકારીઓના વાહનો ચાલે છે જેથી આ ચોરી અટકતી નથી.

જેથી આ રીતે ચોરી ચાલશે તો સરકારની આવકને ખુબ મોટી નુકસાની જશે અને અમરેલી જિલ્લાના નાના અધિકારીઓ સાથે રહી હપ્તાખોરી થઈને આ રેતી ચોરી થઈ રહી છે અને જિલ્લા બહારની ટીમ આવે ત્યારે ખનિજના અધિકારી ખનિજ માફિયાને સમાચાર આપી દેવામાં આવે છે જેથી બે–ત્રણ દિવસ રેતી ચોરી બંધ થઈ જાય છે અને બાદમાં પાછી રેતી ચોરી ચાલુ થઈ જાય છે. જેથી આ રેતી અટકાવવા જરૂરી પગલા ભરી રેતી ચોરી અટકાવવી જરૂરી છે.

શેત્રુજી નદીમાં ઈકો સેન્સીટીવ જોન હોવા છતાં ૨૪ કલાક વાહનો રેતી ચોરી કરી રહયા છે અને સિંહ અને અન્ય પ્રાણી ખુબ મોટી સંખ્યામાં આ નદીમાં રહે છે તેમ છતાં ખનિજ માફિયા જેમ ફાવે તેમ વાહનો ચલાવે છે અને સિંહ અને અન્ય પ્રાણીઓને રહેવા મુશ્કેલી કરી રહયા છે તેમ છતાં કોઈ અધિકારીના પેટનું પાણી હલતું નથી. આ રેતી ચોરીના ઓવરલોડ રેતી ભરવાથી લીલીયા થી ભેસવડી રોડ પણ રહયો નથી જેથી ગ્રામજનોને ખુબ મોટી નુકસાની થઈ રહી હોવાનું પણ અંતમાં જણાવેલ છે.

### સાંસદને પત્ર પાઠવી કરી માંગ

# નાણાપંચની ગાઈડલાઈનમાં સુધારો કરો : વિપુલ દુધાત

### કોઝવે, સીસીટીવી સહિતના કામોમાં ઉપયોગ જરૂરી

અમરેલી, તા. ૩

ભારત સરકાર દ્વારા ગામડાઓના વિકાસ માટે નાણાપંચની ગ્રાન્ટ ગ્રાન્ટ (૭૦%) તાલુકા કક્ષાએ (૨૦%) અને જિલ્લા કક્ષાએ (૧૦%) ફાળવવામાં આવે છે. જેમાં ટાઈડ (૫૦%) અને અનટાઈડ (૫૦%) ની ફાળવણી કરવામાં આવે છે જેમાં હાલ સરકારની નલ સે જલ યોજના અંતર્ગત મોટા ભાગોના ગામની અંદર પાણી/ગટરના કામો પૂર્ણ થઈ ગયેલ છે. જેથી ટાઈડ અંગેની (૫૦%) ગ્રાન્ટમાંથી



બચત રહેતી હોય છે. જેથી ગ્રામ્ય કક્ષાએ જરૂરીયાત મુજબ ટાઈડ ગ્રાન્ટમાંથી પણ અનટાઈડ (કોઝવે, પુલ, શેડ, કોમ્યુનીટી હોલ, સીસીટીવી કેમેરા, સ્ટ્રીટલાઈટ કે લાઈબ્રેરી જેવા અન્ય કામો) કરવા મંજુરી આપવા અંગે નાણાંચની ગાઈડલાઈનમાં સુધારો કરવા જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાતે સંસદ સભ્યને પત્ર પાઠવીને માંગ કરેલ છે.


આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી

LED TV, હોમથીયેટર, પ્રોજેકટર, પ્રીન્ટર, CCTV, ટ્રીમર તેમજ બધા જ ઈલેકટ્રીક ડીવાઈસ રીપેરીંગ કરી આપીશુ
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-4, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, ક્રોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી ફોન : ૨૩૦૯૪૦, મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
શરતોને આધિન*
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
અમરેલી સુરત મોરબી
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

### ૨૦૨૪ને લઇને ગુજરાત ભાજપે તૈયારીઓ શરૂ

# લોકસભાની ચૂંટણી માટે ભાજપે આઠ નેતાઓને સોંપી જવાબદારી

## બાબુભાઈ જેબલીયાને મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર તો કેસી પટેલને ગાંધીનગર અને અમદાવાદની જવાબદારી સોંપવામાં આવી હતી

અમદાવાદ, તા.૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ગુજરાત ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આઠ દિગ્ગજ નેતાઓને અલગ અલગ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજાને ૩ બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદિપસિંહને વડોદરા, છોટા ઉદેપુર અને ભરૂચ લોકસભા બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે. તે સિવાય અમિત ઠાકરને બનાસકાંઠા, કચ્છ, પાટણ જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે.

ઉપરાંત બાબુભાઈ જેબલીયાને મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર તો કે.સી.પટેલને ગાંધીનગર અને અમદાવાદની જવાબદારી સોંપવામાં આવી હતી. તે સિવાય નરહરિભાઈ અમીનને આણંદ, ખેડા, પંચમહાલ,દાહોદ તો જ્યોતિબેન પંડ્યાને સુરત, નવસારી,બારડોલી, વલસાડની જવાબદારી સોંપવામાં આવી હતી. ભૂપેન્દ્ર ચુડાસમાને જૂનાગઢ,અમરેલી, ભાવનગર તો આરસી ફળદુને જામનગર, પોરબંદર, રાજકોટની જવાબદારી સોંપવામાં આવી હતી.

તે સિવાય લોકસભાની ચૂંટણી પહેલા પ્રદેશ ભાજપનો વ્યાપ વધારવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અન્ય પક્ષના નારાજ નેતાઓને પક્ષમાં જોડવા માટે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી છે.

જેમાં નાયબ દંડક જગદીશ મકવાણા, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા, વડોદરા જિલ્લા પ્રભારી રાજેશ પાઠક અને ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ હિમાંશુભાઈ પટેલનો કમિટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય પક્ષના કયા નારાજ નેતાને સામેલ કરવા તે અંગે કમિટી અભિપ્રાય આપશે. પ્રદેશ અને જિલ્લા, મહાનગર સ્તર પર સરપંચ પદ પરથી ચૂંટણી લડેલા અન્ય પાર્ટીઓના કે અપક્ષ ઉમેદવારો, સમાજના અને વિવિધ ક્ષેત્રના આગેવાનોના નામોની યાદી તૈયાર કરીને મોટી સંખ્યામાં પક્ષમાં જોડવાનો કાર્યક્રમ યોજાશે. તો ડિસેમ્બરમાં એક જ અઠવાડિયામાં આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણી અને કોંગ્રેસના ખંભાતના ચિરાગ પટેલને રાજીનામું આપ્યુ તે સમયે ભરત બોઘરા રાજીનામા સમયે હાજર હતા. ત્યારે હવે એ જ ભરત બોઘરાને આ કમિટીનું નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.

### દેશમાં ફરી એક વખત કોરોનાનું ડરામણું સ્વરૂપ

# દેશમાં ચોવિસ કલાકમાં કોરોનાના ૬૦૨ કેસ નોંધાયા

## ૫ લોકોના મૃત્યુ, એક્ટિવ કેસની સંખ્યા ૪૪૪૦ થઈ

નવી દિલ્હી, તા.૩

દેશમાં ફરી એકવાર કોરોના ડરામણો સ્વરૂપ ધારણ કરી રહ્યો હોય તેવું દેખાય છે. આજે ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે. દેશમાં એક દિવસમાં નવા ૬૦૨ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૦૨ નવા કેસ સામે આવ્યા. જોકે ૫ લોકોના મૃત્યુ થયા હતા. દેશમાં કોરોનાના કુસ એક્ટિવ કેસની સંખ્યા પણ હવે ૪૪૪૦ થઈ ચૂકી છે. માહિતી અનુસાર એક દિવસ પહેલા એટલે કે ૨ જાન્યુઆરીએ ૫૭૩ નવા કેસ નોંધાયા હતા. જોકે બે લોકો મૃત્યુ પામ્યા હતા. તેના પહેલા ૧ જાન્યુઆરીએ દેશમાં ૬૩૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બીજી બાજુ કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ દર્દીનું મોત નીપજ્યું, જ્યારે કુલ ૧૪૮ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા.

### કારનામા જાણી ભણેલા પણ માંથુ ખંજવાળશે !

# ગુજરાત સહિત ૧૩ રાજ્યોમાં તરખાટ મચાવનાર અભણ ગેંગનો પર્દાફાશ થયો

## વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે ઓનલાઈન ઠગાઈ કરતી એક એવી અભણ ગેંગ પકડી પાડી છે

વડોદરા, તા.૩

ટેકનોલોજીનો દિવસે દિવસે ઉપયોગ વધી રહ્યો છે ત્યારે સાયબર માફિયાઓ દ્વારા ઓનલાઈન ઠગાઈ કરવાના કિસ્સા પણ વધી રહ્યા છે. વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે ઓનલાઈન ઠગાઈ કરતી એક એવી અભણ ગેંગ પકડી પાડી છે. જેના વિશે સંભાળી ભણેલાઓ પણ પોતાનું માંથુ ખંજવાળશે. જાણો કેવી રીતે અભણ ગેંગ ઠગાઈ કરતી હતી.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, વડોદરાની અમી સુરાણી નામની યુવતીને સોક્સ ટેકનોલોજીના નામે ઓનલાઈન પાર્ટ ટાઈમ જોબની ઓફર કરવામાં આવી હતી. ઠગ ટોળકી દ્વારા ઓનલાઈન ટાસ્ક આપી રોજના ૧૫૦૦ થી ૩૦૦૦ સુધી કમાવાની સ્કીમમાં ફસાવવામાં આવી હતી. જેમ જેમ ટાસ્ક પૂરા કરવામાં આવે તેમ ઠગો દ્વારા વધુને વધુ ડિપોઝિટ ભરાવવામાં આવતી હતી. અમીના ઓનલાઈન વોલેટમાં કમિશન સાથેની રકમનું બેલેન્સ બતાવવામાં આવતું હતું. યુવતીએ રોકડા ૮ લાખ ભરી દીધા બાદ ૧૦ લાખની રકમ ઉપાડવાનો પ્રયાસ કરતા તે રકમ તેને મળી ન હતી. જેને લઈ યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કેવી રીતે કરતા હતા છેતરપિંડી

- અજાણ્યા નંબર પરથી લોભામણી સ્કીમ આપી સંપર્ક કરે છે
- ઘરે બેઠાં કમાણી કરવા જુદા જુદા ટાસ્ક આપવામાં આવે છે
- યુ ટ્યુબ વીડિયો લાઈક કરવાના ફ્રી ટાસ્ક અપાય છે
- ફ્રી ટાસ્ક પૂર્ણ કર્યા બાદ ૧૫૦થી ૫૦૦ રૂપિયા આપે છે
- વધુ ટાસ્ક મેળવવા ટેલિગ્રામની લિંક આપવામાં આવે છે
- પ્રિ પેઈડ ટાસ્ક પૂર્ણ કરવા ડિપોઝીટની માગ કરાય છે
- ટાસ્ક પૂર્ણ થતા ૩૦ ટકા વધારા સાથે રકમ પરત આપવાની લાલચ
- ફરિયાદીએ ટાસ્ક પૂર્ણ કરવા ૮ લાખ રૂપિયા ભર્યા
- ટાસ્ક પૂર્ણ કર્યા બાદ લોકો રૂપિયા નથી ઉપાડી શકતા
- રૂપિયા ઉપાડવા ટેક્સ સહિતના બહાને વધુ રૂપિયાની માગ કરાય છે

યુવતીની ફરિયાદના આધારે સાયબર સેલના એસીપી દ્વારા બે પીઆઈની ટીમ બનાવી બેંક એકાઉન્ટ તેમજ કોલ્સ ડિટેલના આધારે ઠગ ટોળકીનું પગેરું શોધી કાઢી અમદાવાદ દિલ્હીથી ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગના ૫ સાગરીતોને દબોચી લીધા હતા. પોલીસની તપાસમાં આરોપીઓએ ૧૩ રાજ્યોમાં માત્ર ત્રણ દિવસમાં ૧.૮૪ કરોડના ટ્રાન્જેક્શન કર્યા હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે.

પોલીસ તપાસમાં ખુલાસો થયો કે આરોપીઓ ખૂબ ઓછું ભણેલા છે. આરોપી ઉત્પલ દુખી રામ દોલાઈ ધોરણ ૧૨, દીપેશ મનુભાઈ પટેલ ધોરણ ૧૨, પટેલ મિતેશ ભીખાભાઈ ડિપ્લોમા, સૌરભ ઉર્ફે પુરુષોત્તમ જામુલકર બીકોમ અને રામ હારી ઉર્ફે રામ પાંડવાં શાહુ ડિપ્લોમા સુધી ભણેલો છે. પોલીસે ગેંગ પાસેથી ૯ મોબાઈલ, વાઈફાઈના બે રાઉટર અને બે ડાયરી કબજે કરી છે.

પોલીસ તપાસમાં એ પણ ખુલાસો થયો કે ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગ જાતજાતના કારણો દર્શાવી ગ્રાહકને ફસાવતી હતી. ટોળકી દ્વારા યુટ્યુબને સબસ્ક્રાઈબ અને લાઈક કરવા માટે લાઈક દીઠ રૂ.૧૦૦ની ઓફર કરવામાં આવતી હતી. તો ક્યારે શેરમાર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટના નામે પણ ગ્રાહકોને ફસાવવામાં આવતા હતા. ઠગાઈ કરતી ગેંગ સામે ટૂંકા સમયગાળામાં તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાત, દિલ્હી સહિતના ૧૩ રાજ્યોમાં ઠગાઈની કુલ ૪૩ ફરિયાદ નોંધાઈ છે.

સાયબર ક્રાઈમ પોલીસ તપાસમાં સામે આવ્યું કે પકડાયેલા પાંચ સાગરીતો માત્ર મહોરાં છે૫.આરોપીઓ બેંક એકાઉન્ટની સવલત કરી આપીને બદલામાં ગ્રાહક પાસેથી મળેલી રકમ પર કમિશન લઈ લેતા હતા અને સાયબર માફિયાઓને મદદરૂપ થતાં હતા, ત્યારે સાયબર ક્રાઈમ પોલીસે પકડેલા તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. સાથે ઠગાઈના મુખ્ય આરોપીઓને પકડવા અલગ અલગ ટીમો બનાવી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### વાયબ્રન્ટ ગુજરાત પહેલા જ રેકોર્ડબ્રેક MoU

# ૨૦૨૪ ને પગલે એક જ દિવસમાં ૭ લાખ કરોડ રૂપિયાના MoU થયા

## CMની ઉપસ્થિતિમાં અત્યાર સુધી ૧૦ લાખ ૩૧ કરોડના MoU થયા

અમદાવાદ, તા.૩

ગુજરાત સરકાર દ્વારા આયોજીત વાઈબ્રન્ટ સમિટ આગામી ૧૦મી જાન્યુઆરીથી ૧૨મી જાન્યુઆરી સુધી ગાંધીનગરના મહાત્મા મંદિર પાસે યોજાશે.

ગુજરાતમાં યોજનાર આ વાઈબ્રેન્ટ સમિટ ૧૦મી વાઈબ્રેન્ટ સમિટ છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને લઈને એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. કારણ કે વાઈબ્રન્ટ ગુજરાત પહેલા રેકોર્ડબ્રેક MOU થયાં છે. જેના યશ પરિણામ સ્વરૂપે રાજ્યમાં નવી રોજગારી સહિત અનેક લાભો થશે. વાઈબ્રન્ટ ગુજરાત અમિટને લઈને ઉત્સાહનો માહોલ છે.

પહેલા રેકોર્ડબ્રેક MOU થયાં છે. એક જ દિવસમાં ૭ લાખ કરોડ રૂપિયાના MOU હોવાનું સાત્ત્વર સામે આવ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં ઉપસ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૩૧ લાખ કરોડના MOU થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

લગભગ પહેલીવાર એવું થયું કે કે વાઈબ્રન્ટ સમિટ યોજાઈ તે પહેલા જ કરોડોના MOU થયા છે. નોંધનિય છે કે એક જ દિવસમાં થયેલા MOU પૈકી ૩.૭૦ લાખ રોજગારી સર્જન મળવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે.નોંધનીય છે કે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાન પણ ખાસ ઉપસ્થિત રહેશે.

આ સિવાય મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ફિલિપ ન્યૂસી, રશિયાના એક વરિષ્ઠ મંત્રી સહિત અને નામી દિગ્ગજો ગુજરાતના આંગણે આવશે અને મહેમાન બનશે. સાથે જ સમિટ ૨૦૨૪માં અંદાજે એક લાખ જેટલા લોકો આવાની સંભાવના છે. ત્યારે આ સમિટ યોજાઈ તે પહેલા જ CMની ઉપસ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૩૧ લાખ કરોડના MOU થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.નોંધનિય છે કે ગુજરાતમાં દર બે વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાઈ છે. આ વખતે આ ૧૦મી ગુજરાત વાઈબ્રન્ટ સમિટ છે..

આ ગુજરાત વાઈબ્રેન્ટની શરૂઆત વર્ષ ૨૦૦૩માં ભારતના વડાપ્રધાન (તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી) નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઈ હતી. સમિટમાં દુનિયાભરમાં દિગ્ગજ ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ગુજરાત આવી રહ્યા છે.. જૂનાં તમામ રેકોર્ડ બ્રેક થાય તેવું જોવા મળી રહ્યું છે.

### ઋષિકેશ પટેલના હસ્તે કોલેજમાં એડમિશન પ્રક્રિયા કરાઇ

# રાજ્ય સરકાર દ્વારા દેશનું પ્રથમ કોમન પોર્ટલ લોન્ચ કર્યું

## રાજ્યની ૧૪ યુનિવર્સિટીઓ સંલગ્ન વિદ્યાર્થીઓ પોર્ટલ પર અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૩

મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં NEP-૨૦૨૦ (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ) લાગુ કરવામાં આવી છે. જેની વિવિધ જોગવાઈઓના પગલે તૈયાર કરાયેલ આ સોફ્ટવેર અંતર્ગત એક જ છત્ર હેઠળ આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝ અને અન્ય તમામ વિદ્યાશાખાઓને સાંકળી લઈને એડ્મિશનની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. જેને પગલે હવેથી રાજ્યની ૧૪ યુનિવર્સિટીઓ સંલગ્ન સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર ૨,૩૪૩ જેટલી કૉલેજના ૭.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ એડમીશન માટે એક જ પોર્ટલ ઉપર અરજી કરી શકશે.

પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન ફી માત્ર રૂ.૩૦૦ એક જ વખત ઓનલાઈન ભરવાની રહેશે. મંત્રી ઋષિકેશ પટેલ એ આ ક્ષણે દ્રઢતાપૂર્વક કહ્યું કે, વર્ષ -૨૦૩૦ સુધીમાં NEP-૨૦૨૦ ની તમામ જોગવાઈઓનું ગુજરાતમાં સંપૂર્ણપણે પાલન થઈ જશે. હાલ પણ રાજ્યમાં NEP-૨૦૨૦ ના પગલે જ ન્યુ એજ ટેકનોલોજી, A.I., મશીન લર્નિંગ, રોબોટિક્સ જેવા સમયની માંગ આધારીત કોર્ષ પર રાજ્યમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ટેકનીકલ કોર્ષ ઉપરાંત નોન-પ્રોફેશનલ કોર્ષીષમાં પણ વિદ્યાર્થીઓને સ્કીલ આધારીત શિક્ષણ ઉપબલ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે, ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ-જીકેસ પોર્ટલ થકી રાજ્યના વિદ્યાર્થીઓ માટે એડમિશન પ્રક્રિયા અત્યંત સરળ બની જશે. એટલું જ નહિ, એડમિશન માટે કોલેજોમાં ધક્કા ખાવા સહિતની જે અગવડતા વિદ્યાર્થી અને વાલીઓએ અનુભવવી પડતી હતી તેનું નિરાકરણ આવી જશે. ટેકનોલોજીની મદદથી 'અરજી એક, વિકલ્પ અનેક'ના ધ્યેય સાથે ખાસ પોર્ટલ તૈયાર કરી આ પ્રકારની કોમન એડમિશન પ્રક્રિયા શરૂ કરનાર ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ છે જેનું ગર્વ છે.

આ પોર્ટલથી સમગ્ર એડમિશન પ્રક્રિયા ઝડપી થશે જે આવનાર સમયમાં વરદાનરૂપ સાબિત થશે. આ પૉર્ટલ દ્વારા માત્ર સ્નાતક કક્ષાના જ નહિ, પરંતુ અનુસ્નાતક, પી.એચ.ડી. એવા અભ્યાસક્રમો માટેનું કૉમન ઍડ્મિશન રહેશે. વિદ્યાર્થીની અનેક વિટંબણાઓનો આ પૉર્ટલ થકી અંત આવશે. સામાન્યતઃ મનપસંદ યુનિવર્સિટી તેમજ કૉલેજ, અનુકૂળ અભ્યાસક્રમ પસંદ કરવાની પ્રક્રિયા તેમજ દરેક જગ્યાએ રૂબરૂ જવાની તમામ પરિસ્થિતિનો અંત આવશે. માહિતીના અભાવે ઘણી વાર ખોટા અભ્યાસક્રમમાં, ખોટી રીતે ઍડ્મિશન લેવાની ભૂલ થતી હોય છે. વિશાળ શ્રેણીમાં ઉપલબ્ધ તકમાંથી ઉત્તમ તક ઝડપીને પ્રક્રિયા સરળ બનાવવી એ જ આ પૉર્ટલનું કામ છે.આ પૉર્ટલને કારણે બારમા ધોરણ પછી વિદ્યાર્થી અને વાલીને આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝના અનેકવિધ અભ્યાસક્રમો છે, અનેક યુનિવર્સિટીઓ છે, અનેક કૉલેજો છે તેમાંથી પોતાની મનપસંદ સંસ્થા અને અભ્યાસક્રમ પસંદ કરવાની વિશાળ તક પ્રાપ્ત થાય છે. અલગ અલગ જગ્યાએ જઈને લાંબી મુસાફરી, લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળે છે. અલગ અલગ સંસ્થાઓમાં જે પ્રવેશ ફી ભરવી પડે છે તેમાંથી પણ મુક્તિ મળે છે. GCAS પૉર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એ બે ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેને કારણે માહિતી સરળતાથી મેળવી શકાય અને તમામ વિદ્યાર્થી સરળતાથી ઍપ્લિકેશન કરી શકશે. ગાંધીનગર ખાતે યોજાયેલ GCAS પૉર્ટલ લોન્ચિંગ પ્રસંગે, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ટેકનીકલ શિક્ષણ વિભાગના કમિશ્નર બંછા નીધી પાની, હાયર એજ્યુકેશન વિભાગના ડાયરેક્ટર પરિમલ પંડ્યા, રાજ્યની વિવિધ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, રજીસ્ટ્રાર ઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન – IITE, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ્રી ગુરૂ ગોવિંદ યુનવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા જુનાગઢ યુનિવર્સિટી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી , ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.

### કેજરીવાલ ત્રીજી વખત ઈડી સમક્ષ હાજર ન થયા

# અરવિંદ કેજરીવાલે ઈડીના સમન્સ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું

## દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે, આપના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું : અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી, તા.૩

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એક્સાઈઝ પોલિસી મામલે પૂછપરછ માટે ત્રીજી વખત ઈડીસમક્ષ હાજર નથા થયા. આ સાથે જ કેજરીવાલે ઈડીના સમન્સનો જવાબ આપતા કહ્યું છે કે, દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું. દિલ્હીના મુખ્યમંત્રી હોવાના કારણે હું ૨૬ જાન્યુઆરીની તૈયારીમાં પણ વ્યસ્ત છું પરંતુ જો તમે સવાલોની યાદી મોકલવા માંગતા હોય તો હું તેનો જવાબ આપીશ.

કેજરીવાલે ઈડીને આપેલા જવાબમાં બીજું શું કહ્યું....

- હું આશ્ચર્યચકિત છું કે તમે મારા દ્વારા ઉઠાવેલા વાંધાઓનો જવાબ ન આપ્યો અને અગાઉના સમન્સ જેવું જ સમન્સ ફરીથી પાઠવ્યું.
- હું એ માનું છું કે, તમારી પાસે આ સમન્સનું કોઈ જસ્ટિફિકેશન નથી.
- ઈડીનો વ્યવહાર મનસ્વી અને બિન પારદર્શક છે.
- પહેલાની જેમ જ હું ફરીથી કહું છું કે, હું કાયદાનું સમ્માન કરું છું અને તપાસમાં સહયોગ આપવા માટે તૈયાર છું.
- તમારું મૌન નિહિત સ્વાર્થની પુષ્ટિ કરે છે.
- હું એવા ઘણાં મામલા વિશે જાણું છું જેમાં ઈડીસમન્સ મેળવનાર વ્યક્તિના પૂછવા પર વિગતવાર સ્પષ્ટીકરણ આપે છે.
- હું ફરીથી માંગ કરું છું કે, તમે મારા સવાલોના જવાબ આપો જેથી કરીને હું આ તપાસના ઉદ્દેશ્ય વિસ્તારને યોગ્ય રીતે સમજી શકું.
- દરેક વખતે સમન્સ મારા સુધી પહોંચતા પહેલા મીડિયામાં પહોંચી જાય છે. તેનાથી સવાલ ઉઠે છે કે, આ સમન્સનો ઉદ્દેશ્ય કોઈ તપાસ કરવાનો છે કે, પછી મારી પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો છે.
- દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું

### ઈરાનથી મુસ્લિમ તો પાકિસ્તાનથી સિંધિઓએ મોકલ્યું

# રામલલાના અભિષેક માટે બાબરના દેશથી આવ્યું જળ

## રામલલાના અભિષેક માટે સાઉદી અરબથી હિન્દુઓએ તો ઈરાનથી મુસ્લિમ મહિલાએ જળ મોકલ્યું છે

નવી દિલ્હી, તા.૩

અયોધ્યામાં રામ મંદિર માટે રામલલાની મૂર્તિ તો ફાઈનલ થઈ ગઈ પરંતુ ૧૭ તારીખના રોજ તેને જાહેર કરવામાં આવશે. આ દિવસે નગર ભ્રમણનો કાર્યક્રમ છે. હાલ સમગ્ર દેશમાં ૨૨ જાન્યુઆરીના રોજ પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમની ચર્ચા છે. આવામાં એ જાણવું ખુબ રસપ્રદ છે કે અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા માટે મુઘલ શાસક બાબરની જન્મભૂમિ ઉઝ્બેકિસ્તાનથી પણ જળ મંગાવવામાં આવ્યું છે. એટલું જ નહીં પાકિસતાન, ચીન, દુબઈ સહિત એન્ટાર્કટિકાના જળથી પણ શ્રીરામનો અભિષેક કરવામાં આવશે. ગત વર્ષે એપ્રિલમાં દિલ્હીના પૂર્વ ભાજપ વિધાયક વિજય જૌલી ૧૫૫ દેશોથી લાવવામાં આવેલા પવિત્ર જળને લઈને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને મળ્યા હતા. ત્યારે તસવીરો પણ સામે આવી હતી. ગડકરીએ કહ્યું હતું કે આ ઐતિહાસિક છે. કળશને નજીકથી જોઈએ તો તેમાં ચીન, લાઓસ, લાતવિયા, મ્યાંમાર, મંગોલિયા, સાઈબેરિયા, દક્ષિણ કોરિયા જેવા અનેક દેશોના નામના સ્ટિકર જોવા મળે છે. વિજય જૌલીએ દાવો કર્યો છે કે કુલ ૧૫૬ દેશોથી જળ સંગ્રહમાં તમામ ધર્મના લોકોનો સહયોગ મળ્યો છે. સાઉદી અરબથી હિન્દુઓએ તો ઈરાનથી મુસ્લિમ મહિલાએ જળ મોકલ્યું છે. કઝાકિસ્તાનથી તાજ મોહમ્મદે ત્યાંની પ્રમુખ નદીનું જળ મોકલ્યું છે. કેન્યાથી શીખ ભાઈઓની મદદથી જળ ભેગું કરાયું. સિંધિઓએ ખુબ જ સાવધાની વર્તતા પાકિસ્તાનથી અયોધ્યા માટ જળ મોકલ્યું છે.

જૌલીએ જણાવ્યું કે થોડા દિવસ પહેલા જ જળથી ભરેલો મોટો કળશ વિશ્વ હિન્દુ પરિષદના સંરક્ષક મંડળના સભ્ય દિનેશ ચંદ્રને સોંપવામાં આવ્યો. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં આ જળનો ઉપયોગ થશે.

### પરીક્ષા ફીમાં ચાર ગણો વધારો થશે

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા આપવી મોંઘી પડશે

## ઓનલાઈન અરજી તારીખ ૨ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ અને જે તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી કરી શકાશે

અમદાવાદ, તા.૩

ગુજરાત ગૌણ સેવા મંડળની પરીક્ષા માટે હવે ઉમેદવારોએ વધારે પરીક્ષા ફી આપવા તૈયાર રહેવું પડશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પરીક્ષા ફીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ૧૧૧ રૂપિયાના બદલે ગૌણ સેવા પસંદગી મંડળ હવે રૂ. ૫૦૦ પરીક્ષા ફી લેશે. અનામત વર્ગમાં આવતા ઉમેદવારોએ રૂ. ૪૦૦ પરીક્ષા ફી ભરવાની રહેશે.

પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારોને આપશે ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તૈયારી કરનારા ઉમેદવારોનાં હિતમાં આ નિર્ણય માનવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આંકડા મદદનીશની ભરતી જાહેર કરવામાં આવી છે. જે મુજબ સંશોધન મદદનીશ વર્ગ ૩ ની ૯૯ અને આંકડા મદદનીશ વર્ગ ૩ ની ૮૯ પોસ્ટની ભરતી કરવામાં આવશે. આકંડા મદદનીશની કુલ ૧૮૮ પોસ્ટ માટે ભરતી કરવામાં આવશે. જે માટે ૨ જાન્યુઆરીથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે અને ૧૬ મી જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. લાંબા સમયથી ઉમેદવારો બંને પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા. OJASની વેબસાટ પર ઓનલાઈન અરજી તારીખ ૨ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ થશે અને જે તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી કરી શકાશે. સંશોધન મદદનીશ વર્ગ-૩ માટે કુલ ૯૯ જગ્યા જ્યારે આંકડા મદદનીશ વર્ગ-૩ માટે ૮૯ જગ્યા પર ભરતી માટે અરજી મંગાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પરીક્ષા પદ્ધતિની વાત કરીએ તો એક તબક્કામાં MCQ પ્રકારના પ્રશ્નોવાળી CBRT સ્પાર્ધાત્મક પરીક્ષા ઉમેદવારે આપવાની રહેશે.

### વિશ્વના યુદ્ધોની આંતરરાષ્ટ્રીય કાચા તેલની કિંમતો પર અસર

# ગુજરાતમાં પેટ્રોલ ૮૪ પૈસા મોંઘું, ડિઝલના ભાવ યથાવત

નવી દિલ્હી, તા.૩

ઈઝરાયલ અને હમાસ તેમજ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર આંતરરાષ્ટ્રીય કાચા તેલની કિંમતો પર પડી રહી છે અને તેમા મિશ્ર વલણ જોવા મળી રહ્યું છે ત્યારે આજે સવારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (ડબલ્યુટીઆ) ક્રૂડ નજીવા વધારા સાથે ૭૦.૭૫ ડૉલર પ્રતિ બેરલ પર વેચાઈ રહ્યું હતું જ્યારે બ્રેન્ટ ક્રૂડ ઘટીને ૭૫.૮૯ ડૉલર પ્રતિ બેરલ થઈ ગયું હતું. દેશમાં સવારે ૬ વાગ્યે ઈંધણના ભાવમાં સુધારો થતા ફેરફાર થાય છે ત્યારે દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના નવા ભાવ જાહેર કર્યા છે. આ નવા ભાવ મુજબ ગુજરાતમાં પેટ્રોલ ૮૪ પૈસાનો વધારો થયો છે જ્યારે ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર થયો નથી.

આ ઉપરાંત પંજાબમાં પેટ્રોલ ૫૧ પૈસા, ડીઝલ ૪૮ પૈસા તેમજ મધ્ય પ્રદેશ, ઝારખંડ અને ગોવામાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો થયો છે, જો કે મહારાષ્ટ્રમાં પેટ્રોલ ૧૧ પૈસા અને ડીઝલ ૧૨ પૈસા સસ્તું થયું છે અને જમ્મૂ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં પણ પેટ્રોલ-ડીઝલની કિમ્મતમાં ઘટાડો થયો છે. નવા બદલાયેલા ભાવ પ્રમાણે દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૯૬.૭૨ અને ડીઝલ ૯૦.૦૮, મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૦૬.૩૧ અને ડીઝલ રૂ. ૯૪.૨૭, કોલકાતામાં પેટ્રોલ રૂ. ૧૦૬.૦૩ અને ડીઝલ રૂ. ૯૨.૭૬, ચેન્નાઈમાં પેટ્રોલ રૂ. ૧૦૨.૬૩ અને ડીઝલ રૂ. ૯૪.૨૪ રૂપિયા પ્રતિ લીટર થયો છે. દેશમાં દરરોજ સવારે ૬ વાગ્યે ઈંધણના ભાવ બદલાય છે અને પેટ્રોલ અને ડીઝલના નવા ભાવ જાહેર કરવામાં આવે છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન, વેટ અને અન્ય વસ્તુઓ ઉમેરાયા બાદ તેની મૂળ કિંમત કરતા ભાવ લગભગ બમણો થઈ જાય છે. આ જ કારણ છે કે પેટ્રોલ-ડીઝલ આપણે મોંઘા ભાવ હોવા છતાં પણ ખરીદવું પડે છે.

### મુંબઈ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ

# વડિયા : મોંઘીબા કન્યા શાળાનાં બાળકો ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જોડાયા

### દાતા સહિત સૌનો શાળા પરિવારે આભાર માન્યો

વડિયા, તા.૩


અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા સંવિદ વેન્ચરના સહયોગથી અમરેલી જીલ્લાની ૮૦ પ્રાથમિક શાળામાં દીપશાળા પ્રોજેકટ ચલાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેકટ આઈઆઈટી મુંબઈ સાથે સંલગ્ન છે. આઈઆઈટી મુંબઈમાં ૨૭ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ટેકનોલોજી ફેસ્ટિવલ યોજાયેલ, જેના અંતર્ગત ટેકનોલોજી તથા ગણિત અને વિજ્ઞાનના મોડેલનું પ્રદર્શન રાખવામાં આવેલ. આવા પ્રતિષ્ઠિત સંસ્થાના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આઈઆઈટી મુંબઈ તરફથી દીપશાળા પ્રોજેકટ અંતર્ગત અમરેલી જીલ્લાની ૫ શાળા ના શિક્ષકો અને ૫ વિદ્યાર્થીઓ ને આ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજુરી મળેલ. જેમાંથી કુંકાવાવ તા.ની શ્રી મોંઘીબા કન્યાશાળા વડિયાના શિક્ષક વિશાલભાઈ એસ.જોશી અને વિદ્યાર્થી રાજ એ. ઠુંમર, દીપશાળા પ્રોજેકટ મેનેજર હાર્દિકભાઈ તથા કો-ઓર્ડીનેટર અલ્તાપખાનને ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો. આ કાર્યક્રમમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત ભૂતપૂર્વ આઈઆઈટી બોમ્બે પ્રો. ડો.ફાટકએ આ પ્રોજેકટ વિશેના અમલીકરણની સવિસ્તાર ચર્ચા કરી માહિતી મેળવી તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોજેકટ અંતર્ગત સરસ કાર્ય બદલ અભિનંદન અને પ્રોત્સાહન આપ્યું. આથી ગ્રામ્ય વિસ્તારની શાળાને આ પ્રતિષ્ઠિત સંસ્થા આઈઆઈટી બોમ્બેમાં ભાગ લેવા તક આપવા બદલ દાતા ભરત દેસાઈ, ડો, ફાટક, એઆઈએફ-દીપશાળા પ્રોજેકટનો શ્રી મોંઘીબા કન્યાશાળા ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ-વડીયા

### ૪ જાન્યુઆરી : ''વિશ્વ બ્રેઇલ દિવસ''

# અંધજનોની આંખોને 'બ્રેઇલ' થકી મળી પાંખો



લૂઈસ બ્રેઈલ નામના વ્યકિત દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે. બ્રેઈલનાં શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જયારે તે ફકત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી. સામાન્ય વ્યકિત પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શકય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે પરંતુ જયારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યુ. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### યુવા નેતા મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે અયોધ્યાથી પધારેલ અક્ષત કળશ યાત્રાનું ઠેર ઠેર સ્વાગત

### અક્ષત કળશને ગાયત્રી મંદિર ખાતે પ્રસ્થાપિત કરાયો

અમરેલી, તા.૩

૨૨ જાન્યુઆરીનાં રોજ રામ ભાગવાન પોતાના ઘરે પધારી રહ્યા છે ત્યારે અયોધ્યાથી અક્ષત કળશ અમરેલી ખાતે આવેલો. જેની ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેમાં આસોપાલવ સોસાયટી, વેસ્ટર્ન પાર્ક વગેરે સોસાયટીમાં આ કળશ ફર્યો હતો. ત્યારે ઘરે ઘરે કળશનું સ્વાગત કરી વધામણા કરવામાં આવ્યા હતા. ત્યારે આ અક્ષત કળશ ને ગાયત્રી મંદીર ખાતે પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો જયાં કળશની યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા પૂજન અર્ચન કરી આરતી ઉતારવામાં આવી હતી. આ અવસરે નગર શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોષી, નગરપાલિકા નાં સદસ્ય સુરેશભાઈ શેખવા, હીરેન ચાવડા, બાબુભાઈ મહેતા, ભાર્ગવ ત્રિવેદી, દિલીપસિંહ ઠાકુર, પ્રકાશ પરમાર, જીજ્ઞેશ દાફડા વગેરે કાર્યકર્તા અને સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યાં હતાં.



### યુવા નેતા મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

# અમરેલી ખેડુત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. દ્વારા સભાસદો ને ભેટ વિતરણ શરૂ

### મંડળીનાં મેનેજર અને સભાસદો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૩

અમરેલી ખાતે અમરેલી ખેડુત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. એફ.પી. ઓ. દ્વારા મંડળીના સભાસદોને ભેટ વિતરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે હાલ મંડળીના સભાસદોને ભેટ આપવાનું ચાલુ છે. આ તકે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ભાર્ગવ ત્રિવેદી, અમરેલી ખેડુત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી.નાં મેનેજર ગોપેશ ગજેરા, કલાર્ક ભીખુ ડાભી અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.



# માહી ડેરીને 'NCDFI eMerket' એવોર્ડ એનાયત



અમરેલી, તા.૩

નેશનલ કો-ઓપરેટીવ ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર દેશનાં વિવિધ યુનંદા ઓર્ગેનાઈઝેશનોને એનસીડી એફઆઈનાં ઈ-માર્કેટમાં સક્રિયપણે ભાગ લેવા બદલ **NCDFI eMarket** એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેમાં દુધ ઉત્પાદકોની સંસ્થા – માહીને નાણાંકીય વર્ષ ૨૦૨૨ – ૨૩ દરમિયાન એનસીડીએફઆઈનાં ઈ – માર્કેટમાં સક્રિયપણે ભાગ લેવા બદલ સાતત બીજા વર્ષે 'NCDFI eMarket' 'એનાયત કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી તેમજ દેશનાં પ્રથમ સહકારીતા મંત્રી અમિત શાહનાં હસ્તે આપવામાં આવેલ આ એવોર્ડ માહી સંસ્થા વતી ચેરમેન વિજયભાઈ ઓડેદરા એન ચીફ એકિઝયુટીવ ડો.સંજય ગોવાણીએ સ્વીકાર્યો હતો.

નેશનલ કો-ઓપરેટીવ ડોરી ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં નવા મકાનનાં શિલાન્યાસ અને NCDFI eMarket એવોર્ડ એનાયત કરવ માટે તા.૩૦ને શનિવારે ગાંધીનગર ખાતે એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રિય ગૃહમંત્રી અને દેશનાં પ્રથમ સહકારીતા મંત્રી અમિત શાહે ખાસ ઉપસ્થિત રહી વિવિધ એવોર્ડ એનાયત કર્યા હતા. આ સમારંભમાં માહી ડેરીને એનસીડીએફઆઈનાં ઈ-માર્કેટમાં વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન સક્રિયપણે ભાગ લેવા બદલ સતત બીજા વર્ષે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહનાં હસ્તે NCDFI eMarket એનાયત કરવામાં આવ્યો હતો. જે સંસ્થા વતી સંસ્થાનાં ચેરમેન વિજયભાઈ ઓડેદરા એન કંપનીનાં ચીફ એકિઝકયુટિવ ડો.સંજય ગોવાણીએ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાનાં અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, દિલીપભાઈ સંઘાણી, એન.ડી.ડી.IIબી.નાં ચેરમેન ડો.મિનેષભાઈ શાહ, એન.સી.ડી. એફ.આઈ.નાં નિવાસ સજજાI સહિત અનેક અગ્રણીઓ અને સમગ્ર દેશની અગ્રીમ ડેરી સંસ્થાઓનાં પ્રતિનિધિઓ, દુધ ઉત્પાદક મહિલાઓ વગેરે ઉપસ્થિત રહયા હતા. અત્રે ઉલ્લેખનીય છે સમગ્ર દેશની ચુંનંદી ડેરી સંસ્થાઓને આ પ્રસંગે એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યા હતા. જેમાં માહી ડેરીને પણ સ્થાન મળતા સંસ્થાનાં એક લાખથી વધુ દુધ ઉત્પાદકોમાં ગૌરવની લાગણી ફેલાઈ ગઈ છે.

સમગ્ર દેશની ડેરી સહકારી સંસ્થાઓને ડેરી કોમોડિટીનાં માર્કેટિંગ માટે ડિજિટલી પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી નેશનલ કો-ઓપરેટીવ ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા એન.ડી.ડી.બી.નાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કક્ષાએ ઈ-પોર્ટલ 'NCDFI eMarket' શરૂ કરવામાં આવેલું છે. જેમાં દેશભરની અનેક ડેરી સંસ્થાઓ જોડાયેલી છે. આ પોર્ટલ ઉપલબ્ધ બનતા વિવિધ સભ્ય ડેરી સંસ્થાઓ માટે પારદર્શક, ઝડપી આર્થિક વ્યવહાર સુનિશ્વિત થયા છે. આ પોર્ટલનાં ઉપયોગથી ડેરી સંસ્થાઓ વિવિધ ડેરી કોમોડિટીઝનું ખરીદ અને વેંચાણ ડિજિટલી કરતી થતા યોગ્ય ભાવો મળતા થયા છે. અને સાથે સાથે સમયની પણ બચત થઈ શકી છે.

માહી ડેરીને એનસીડી એફઆઈનાં ઈ-માર્કેટમાં સક્રિયપણે ભાગ લેવા બદલ સતત બીજા વર્ષ 'NCDFI eMarket' એવોર્ડ' મળતા કંપનીની યશકલગીમાં વધુ એક પિચ્છ ઉમેરાયું છે.

### જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા

# અમરેલી તાલુકા મામલતદાર કચેરી ખાતે EVM નિદર્શન કેન્દ્ર (EDC)નો પ્રારંભ

### મતદાન કેવી રીતે કરવું તેનાથી માહિતગાર કરાયા

રાજુલા, તા. ૩

સરકાર તરફથી આધાર કાર્ડ ચૂંટણી કાર્ડમાં સુધારા વધારા કરવા માટે રાજુલા મામલતદાર ઓફિસમાં એક આધાર કાર્ડ કેન્દ્ર ચાલુ કરવામાં આવેલું જે જાણવા મળતી વિગત મુજબ છેલ્લા બે દિવસથી આધારકાર્ડની કામગીરી કર્મચારીઓ દ્વારા બંધ કરવામાં આવેલ છે જયારે આ કામગીરી બંધ થતાં નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે આ બાબતે રાજુલાના મામલતદારને પણ આ આધારકાર્ડમાં નોકરી કરતા કર્મચારીઓએ લેખિતમાં આપેલ છે કે અમારો સાત માસનો પગાર આજ દિન સુધી નહીં મળતા આ હડતાલ કરવામાં આવેલ છે હવે જોવાની વાત એ છે કે આ સરકાર જયારે નાગરિકને પ્રાથમિક સુવિધાઓ આપવાની વાત કરી રહી હોય ત્યારે હાલ લોકોની આ પ્રાથમિક જરૂરિયાત છે કોઈના સુધારા વધારા કરવા કે નામમાં સુધારો કરવો જન્મ તારીખમાં સુધારો કરવો આવી તમામ બાબતોમાં અત્યારે આધારકાર્ડ જરૂરી છે ત્યારે આ આધારકાર્ડની કામગીરી બંધ કરવામાં આવતા હવે સંવેદશીલ સરકારમાં આનું શું પરિણામ આવે તે જોવાનું રહ્યું ?



# સુરતના મગજ વગરના ટ્રાફિકને....ટ્રાફિક નિયંત્રણ કરાવતો... મંદ મગજ વાળો યુવાન...!

સાવરકુંડલા, તા. ૩

સુરત શહેર ઘણી બધી બાબતોમા વખણાઈ છે. તેવી જ રીતે બેફામ આડેધડ ટ્રાફીક સેન્સ વગર વાહનો હંકારવા માટે પણ બદનામ છે. ત્યારે આજે એક ખૂબજ નવાઈ પમાડે તેવો કિસ્સો જોવા મળ્યો. સુરતમાં મીનીબજારમાં ચાર રસ્તા પર રીતેશ કાપડીયા નામનો યુવાન કે જે જન્મથી મગજની ખામી સાથે જન્મેલો આ યુવાન કહેવાતા સભ્ય સમાજના દોગલા માણસો કે જે ૧૦૦% મગજ સાથે જનમ્યા હોવા છતાં ટ્રાફિક બાબતે એનું મગજ મંદ જ કામ કરે છે. એના કરતા આ યુવાન ટ્રાફિક બાબતે વધુ સમજણ ધરાવે છે અને આ શહેરની ટ્રાફિક વ્યવસ્થાને સપોર્ટ આપવાની ભાવના ધરાવે છે. અને કોઈ પણ જાતના સ્વાર્થ વગર ૩૬૫ દિવસ ટ્રાફિક ટીઆરબીની સાથે મિનિબજાર વિસ્તારમાં સેવા આપે છે.અને રોંગ સાઈડ જતા સુરતી મહામાનવો એ ટ્રાફિક ટીઆરબીને મારે છે અને બેફામ ગાળો આપે છે અને અપમાનિત કરે છે એના હજારો દાખલાઓ છે. મીની બજારમાં રોડ ઉપર એક અખબાર વેંચતી માતાનું આ સંતાન કેટલું અદ્ભૂત કામ કરે છે અને સુરતનાં ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓ અને ઈન્ટરનેશનલ ડાયમંડ કંપનીઓના રત્નકલાકારો અને ઈન્ટરનેશનલ ટેકસટાઈલ કંપનીના કામદારો રોંગ સાઈડ માં જાય છે....અને અફડાતફડી સર્જે છે.... અને ભયંકર અકસ્માત સર્જે છે.


તસ્વીર/અહેવાલ : પ્રતાપ ખુમાણ-કેવલ વેલાણી-સા.કુંડલા

### ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' રથ પરિભ્રમણ દરમિયાન

# અમરેલી જિલ્લાની ૨૩ મહિલાઓ સહિત ૭૮ વ્યકિત વિશેષનું સન્માન થયું

### સરકારની વિવિધ યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચ્યો

અમરેલી તા. ૩

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીનાં સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ રોજ જિલ્લાના ૯ ગામડાઓના ૬,૯૦૨ નાગરિકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાકીય વિગતો અને માહિતી મેળવ્યા હતા.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ આરોગ્ય કેમ્પમાં ૬,૪૩૫ નાગરિકોએ આરોગ્ય ચકાસણી, ૬,૨૮૬ નાગરિકોએ ટીબીના ટેસ્ટ કરાવ્યા હતા.

'મારૂં ભારત' અંતર્ગત ૩૦ સ્વયંસેવકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના માટે ૫૬ લાભાર્થીનું રજીસ્ટ્રેશન થયું હતું. આ સાથે ૧૬ મહિલાઓ સહિત ૫૨ વિશેષ વ્યકિતઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

'મેરી કહાની મેરી ઝુબાની' ના ૩૩ લાભાર્થીઓ હતા. વિવિધ ગામનાં લોકોએ વિકસિત ભારતના સંકલ્પ લીધા હતા. જમીન આરોગ્ય ચકાસણી નિદર્શનનો ૨૭ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ બાબતે ૯ ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું હતું.

આયુષમાન કાર્ડ, જનધન, પીએમ કિસાન અને જળ જીવન મિશન (હર ઘર જલ)ની સંતૃપ્તિ માટે ૩૨ લાભાર્થીઓને વિગતો આપી યોજનાકીય લાભ પહોંચાડવા કાર્યવાહી કરવામાં આવી. 'ખુલ્લામાં શૌચ નહિ' વિચારને આગળ વધારવા માટે ૮ નાગરિકોને માહિતગાર કરી તેમને શૌચાલયની સુવિધાના લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૧૯ નાગરિકોએ તેમના જમીનને લગતા રેકર્ડસનું ડિજિટલાઈઝેશન કરાવ્યું હતું. ૨૧૫ લાભાર્થીઓએ આયુષમાન કાર્ડ માટેની પ્રક્રિયા કરી હતી અને ૨૫ આયુષમાન કાર્ડનું સ્થળ પર વિતરણ કરવામાં આવ્યું હતું.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પૂર્વનિર્ધારિત રૂટ મુજબ ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સાવરકુંડલા તાલુકામાં તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. અમરેલી તાલુકામાં તા.૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે.

મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ- જલ જીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટિલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબઅન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

# અમરેલી : જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને જિલ્લાકક્ષાની તમાકુ કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાની તમાકુ કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ કરવામાં આવેલો દંડ અને વસૂલાતનો નવેમ્બર-૨૦૨૩ નો માસિક રિપોર્ટ તથા એપ્રિલ-૨૦૨૩ થી નવેમ્બર-૨૦૨૩ નો સંકલિત રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ નગરપાલિકા દ્વારા વસૂલવામાં આવેલો દંડ એપ્રિલ-૨૦૨૩ થી નવેમ્બર-૨૦૨૩નો સંકલિત રીપોર્ટ પણ રજૂ કરવામાં આવ્યો હતો. તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ એપ્રિલ-૨૦૨૩ થી નવેમ્બર-૨૦૨૩ દરમિયાન જિલ્લા સ્કવોડ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, વાહનવ્યવહાર વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન વિભાગ, નગરપાલિકાઓ દ્વારા કુલ મળીને ૮૭૭ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. રૂા.. ૧,૧૭,૨૪૦ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બરથી નવેમ્બર-૨૦૨૩માં ૧૮૫ કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને રૂા. ૨૩,૫૩૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર દહિયાએ, દંડનીય કામગીરી નિયમિત રીતે થાય તે જોવા સૂચના તમામ નગરપાલિકાઓને આપી હતી. આ ઉપરાંત રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ વિષયક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી, તમામ તાલુકાના તાલુકા આરોગ્ય અધિકારીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલી : માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી જન્મદિને ૨૪×૭ ગૃપ સાથે 'દર્દીના હમ દર્દ' બન્યા



અમરેલીમાં દર રવિવારે ૨૪×૭ ગૃપ દ્વારા સીવીલ હોસ્પિટલનાં દર્દીઓ ફૂટ, બિસ્કીટનાં વિતરણનો કાર્યક્રમ અવિરતપણે ચાલી રહયો છે. તા.૩૧ ડીસેમ્બરના રવિવારનાં કાર્યક્રમમાં "સોનામાં સુગંધ ભળે" તે રીતે અમરેલી માર્કેટ યાર્ડનાં યુવાન ચેરમેન, પોતાનાં જન્મદિન નિમિતે, ૨૪×૭ ગ્રૃપનાં આ સેવા કાર્યમ્રા જોડાવાની ઈચ્છા વ્યકત કરી અને કાર્યક્રમમાં સાથે જોડાયા. ઓછું બોલતાં પણ નકકર કામ કરતાં શૈલેષ સંઘાણી તેમનાં સ્વભાવની સરળતા એન મિત્રોને જરૂર પડે ત્યારે તેમની પડખે ઉભા રહેવાની પ્રકૃતિને કારણે મિત્રોમાં ખુબજ લોકપ્રિય છે. તા.૩૧ મી ડિસેમ્બરનાં દિવસે તેમણે ૨૪×૭ ગ્રૃપ સાથે જોડાઈને સીવીલ હોસ્પિટલના ૨૫૦ જેટલા દર્દીઓમાં બિસ્કીટ અને અન્ય નાસ્તાનું વિતરણ કર્યુ હતું. તેમની સાથે આ કાર્યક્રમમાં ૨૪×૭ ગ્રૃપનાં પ્રણેતા ડો.ભરત કાનાબાર ઉપરાંત ડો.ભાવેશ મહેતા, ચેતનભાઈ રાવળ, કિરણભાઈ નાંઢા, ડો.નીખીલેશ જાની, મધુભાઈ આજુગીયા, યોગેશભાઈ કોટેચા, કમલેશભાઈ ગરાણીયા, તુલસીભાઈ મકવાણા, ટોમભાઈ અગ્રાવત, હરેશભાઈ સાદરાણી, પેન્ટર ડી.જી.મહેતા, સિકંદરખાન પઠાણ, પેન્ટર જોગી, મન્સુરભાઈ ગઢીયા, મિશ્રા (માસ્તર) નયન જોષી (બેદી), તરંગ પવાર, આકાશ અગ્રાવત, આશાબેન દવે અલ્કાબેન દેસાઈ, બબાભાઈ, બી.કે. જોષી, નીલેશ જોષી (લાલો), ભગીરથભાઈ સોઢા, ડો.ભરત કલકાણી, રેડક્રોસ સ્ટાફ મેમ્બર્સ, કિરીટભાઈ મિશ્રા, કે.પી. પટેલ, મુનાફભાઈ કાજી, નીલેશભાઈ રામાણી વિગેરે સભ્યો જોડાયા હતા. દર્દીઓમાં બિસ્કીટ અને નાસ્તાનાં વિતરણ બાદ ૨૪×૭ ના મેમ્બરો દ્વારા, માર્કેટ યાર્ડ અને નાગરિક બેન્કનાં પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની ઉપસ્થિતિમાં શૈલેષભાઈ સઘાણીનું જન્મદિન નિમિતે અભિવાદન કરવામાં આવેલ, જેમાં ૨૪×૭ ના મેમ્બરો ઉપરાંત તેમનાં અન્ય મિત્રો જોડાયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની બેન્ક ઓફ ઈન્ડિયાનાં ગ્રાહકને

એક વર્ષનું સ્ટેટમેન્ટની ૩૮ પાનાની કોપી માટે રૂપિયા ૪૭૭૯ ચુકવવા પડતાં આશ્ચર્ય ફેલાયું છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં બાબુભાઈ શાંતિલાલ બામણાસીયાનું બેન્ક ઓફ ઈન્ડિયામાં સેવિંગ્ઝ ખાતા નં. ૨૭૪૦૦૧૧૦૦૩૦૪૯ ધરાવે છે અને તેઓએ એક વર્ષનાં આવક–જાવક જાણવા સ્ટેટમેન્ટ માંગતા બેન્કના કર્મચારીએ ચાર્જ ચુકવવો પડશે તેમ કહેતા ગ્રાહકે હા પાડી પરંતુ તેમને ખબર નહોતી કે તેના ખાતામાંથી ૩૮ પેજ માટે રૂપિયા ૪૭૭૯ કપાશે.

બેન્કનાં ગ્રાહકે આ બાબતે બેન્કનાં કર્મચારીઓ સમક્ષ વિરોધ દર્શાવતા તેમની સમસ્યાનું કોઈએ નિરાકરણ ન કરતાં તે ગ્રાહકે "અમરેલી એકસપ્રેસ" સમક્ષ તેમની વ્યથા વર્ણવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, દેશની રાષ્ટ્રીયકૃત્ત બેન્કમાંથી ઉદ્યોગપતિઓ કરોડો રૂપિયાની લોન લઈને ફરાર થઈ રહ્યા છે તેની રકમ માફ કરવામાં આવી રહી છે અને તેનો ભોગ નિર્દોષ બેન્ક ગ્રાહકો બની રહ્યા છે. કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીયકૃત્ત બેન્કો ગ્રાહકોને ખંખેરવાનાં કારનામા કરતી જોવા મળી રહી છે.

## ચલાલા : હરીબા મહિલા કોલેજની વિદ્યાર્થીની મોટેરા મુકામે સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ચમકી



ચલાલા, તા. ૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરીબા મહિલા કોલેજની વિદ્યાર્થીની હરપલ હરેશભાઈ માંગરોળીયા સૂર્ય નમસ્કારની સ્પર્ધામાં રાજયકક્ષાએ ચમકી હતી. જેમાં તાલુકા, જીલ્લા અને રાજય મળી કુલ ૧૮૦૦૦૦૦(અઢાર લાખ) ભાઈ–બહેનોનું રજીસ્ટ્રેશન થયું હતું. જેમાંથી ૨૬૦ ભાઈ/બહેનો મોઢેરા ખાતે મોકલવામાં આવ્યાં હતાં. જેમાં હરીબા મહિલા કોલેજની વિદ્યાર્થીની હરપલ હરેશભાઈ માંગરોળીયા સુંદર દેખાવ કરી શાળા, કોલેજ અને પરિવારનું ગૌરવ વધાર્યુ છે. આ સફળતા મળવા બદલ સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી પૂ. રતિદાદાએ વિદ્યાર્થીને આશીર્વાદ પાઠવ્યા હતા. અને ડાયરેકટર, આચાર્ય, બધા પ્રોફેસરો તેમજ સમગ્ર વિદ્યાર્થીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં શાળાના પ્રમુખ કાળુભાઈ ગેલાણીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓનો રાજકોટ ખાતેનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

જેમાં વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે ફનવર્ડ, રેસકોર્સ તેમજ આજી ડેમની મુલાકાત કરી માહિતી મેળવી ધીગામસ્તી કરી પ્રવાસનો આનંદ માણ્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## સાપ અને નોળિયા વચ્ચે ઘમાસાણ

વિસ્તારના હનુમાનગાળા ગેઈટ નજીક સાપ અને નોળિયા વચ્ચે જીવ સટોસટનો જંગ જોવા મળ્યો. હનુમાનગાળા દર્શને જતા દર્શનાર્થીઓ સાપ અને નોળિયાની લડાઈ પ્રત્યક્ષ જોવા મળી. આવી લડાઈ કયારેક જ જોવા મળતી હોય. ત્યારે આ વિડિયો વનવિભાગના કર્મી હિતેશ ગોંડલીયાએ સાપ અને નોળિયાની લડાઈનો મોબાઈલ કેમેરામાં વિડીયો કર્યો કેદ. ૨૦મિનિટની લડાઈમાં નોળિયાની અંતે થઈ જીત.

સાપ અને નોળિયાની લડાઈનો અદભુત વિડીયો પહેલી વાર આવો જોવા મળ્યો.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં માર્કેટયાર્ડનાં પટાંગણમાંથી

ચોરીનો ગુનો કર્યાનું કબુલતા તેમની પાસેથી મોબાઈલ સંસ્થામાં જમા લઈ મુળ મોબાઈલધારકને પરત કરેલ તેમજ આવા ચોરીના દુષણને ડામવા માટે સંસ્થાના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી ધ્વારા મોબાઈલ ચોરી કરનાર શખ્સ સોલંકી જગદીશ રાજુભાઈ સામે દંડનીય કાર્યવાહીરૂપે અમરેલી મુખ્ય યાર્ડ ચોગાનમાં કાયમી પ્રવેશબંધી જાહેર કરવામાં આવેલ છે. તેમ એક અખબારી યાદીમાં માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારી હપાણીએ જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૭૧ | ૨૮૦૦ |
| ૩ | ચણા | ૯૦૫ | ૧૦૧૦ |
| ૪ | મગ | ૧૬૨૫ | ૧૬૬૫ |
| ૫ | સોયાબીન | ૮૩૦ | ૮૮૦ |
| ૬ | ધાણા | ૧૧૫૦ | ૧૨૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૫ | ૧૨૯૬ |
| ૨ | શિંગ મોટી | ૯૨૫ | ૧૪૨૬ |
| ૩ | તલ સફેદ | ૨૦૪૫ | ૩૨૬૦ |
| ૪ | તલ કાશ્મીરી | ૩૮૮૦ | ૪૧૪૬ |
| ૫ | બાજરો | ૪૫૧ | ૪૯૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૩૪ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૫ | ૬૧૧ |
| ૮ | અડદ | ૧૧૨૦ | ૧૮૪૦ |
| ૯ | ચણા | ૮૩૫ | ૧૧૭૦ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૨૫ | ૧૨૫૦ |
| ૧૧ | તુવેર | ૧૩૫૫ | ૧૮૩૧ |
| ૧૨ | કપાસ | ૧૦૮૬ | ૧૪૨૯ |
| ૧૩ | એરંડા | ૧૦૭૫ | ૧૦૮૫ |
| ૧૪ | રાયડો | ૯૦૧ | ૯૦૧ |
| ૧૫ | ધાણા | ૧૧૭૦ | ૧૪૨૫ |
| ૧૬ | અજમા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૧૧૦ |
| ૧૮ | સોયાબીન | ૮૮૯ | ૯૦૧ |
| ૧૯ | મરચા લાંબા | ૧૧૯૦ | ૨૪૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૦ | ૧૪૨૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૩૫ | ૮૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૩૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૭૦૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૦૧૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૯૦૧ |
| ૧૪ | તુવેર | ૧૪૦૦ | ૧૮૨૬ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૪૧૨ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૧૯૫ |
| ૩ | અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૪ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૫૩૬ | ૫૩૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૭૮ | ૧૪૧૦ |
| ૨ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૩૦૦ |
| ૩ | તલ પીળા | ૩૫૭૦ | ૪૦૦૩ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૭૨ |
| ૭ | જુવાર | ૮૦૧ | ૧૨૬૧ |
| ૮ | મગ | ૨૦૦૦ | ૨૪૮૦ |
| ૯ | મેથી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૦ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૯૫૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **રવિકુમાર અરૂણભાઈ નિમાવત** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

વૃંદાવનપાર્ક–૧, અમરેલી
રે. સર્વે.નં. ૧૧૯ પૈકી — બીનખેતી સબ પ્લોટ નં. ૧૪૩/૨
સીટી સર્વે નં. NA ૧૧૯–બn/૧૪૩/૨ — જેના ચો.મી. ૯૦–૦૦
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૨૯૬૯/૨૦૨૩ — રજી. તારીખ : ૧૮/૦૫/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) મંદાબેન સુરેશભાઈ ઠાકર (૨) સુરેશભાઈ ભાઈશંકરભાઈ ઠાકર પાસેથી વેચાણ રાખેલ છે. સદરહું મિલ્કતની ટાઈટલ ચેઈનમાં લખાવી લેનાર તરીકે લાભુભાઈ નારણભાઈ પટેલે લખી આપનાર (૧) વિઠ્ઠલભાઈ પરશોતમભાઈ સેંજલીયા (૨) ધર્મેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ સેંજલીયા (૩) હરેશકુમાર વિઠ્ઠલભાઈ સેંજલીયાનાં કુલમુખત્યાર હિંમતભાઈ પરશોતમભાઈ સેંજલીયા પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૫૨૯/૧૯૯૦ તા. ૧૯/૦૭/૧૯૯૦નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું ૨૮/૦૬/૧૯૯૦નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૩/૦૧/૨૦૨૪
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
**એડવોકેટ**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૪૩૦ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૨૯૨ |
| ૩ | ઘઉં | ૫૩૨ | ૫૪૧ |
| ૪ | ધાણા | ૧૧૧૫ | ૧૨૨૫ |
| ૫ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |
| ૬ | અડદ | ૧૭૦૦ | ૧૭૭૫ |
| ૭ | તુવેર | ૧૧૦૦ | ૧૭૯૯ |
| ૮ | શીંગદાણા | ૧૨૧૫ | ૧૫૨૧ |

### વીજબિલની ઉઘરાણી કરવા જતાં

# ઉના : નવાબંદર ખાતે વીજકર્મીઓ ઉપર હુમલો કરનાર ૩ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

## ર યુવક અને એક મહિલા વિરૂદ્ધ કાર્યવાહી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૩

ઉનાનાં નવા બંદર ગામના ઝાંપા વાડી વિસ્તારમાં રહેતા જેતુનબેન હાજીભાઈ મેરનું છેલ્લા છ માસનું વીજ બિલ બાકી હોય જે બાકી નીકળતુ બિલ ઉના પીજીવીસીએલમાં ફરજ બજાવતા જુની. આસિ. મકસુદાબેન રમીઝભાઈ મકવાણા, ઈલે. આસી. કેતનભાઈ મકવાણા, ઈલે. આસી. અશોકભાઈ બાંભણિયા પીજીવીસીએલ કચેરીનું વાહન લઈ જેતુનબેનનાં ઘરે વીજ બિલ લેવા માટે ગયેલ હોય ત્યારે ઘરમાં હાજર રહેલ અસ્લમ, અલ્ફાઝ અને મુસ્કાનબેન મકસુદાબેન મકવાણા તથા કેતન મકવાણા નામના વીજ કર્મીઓને કહેલ કે અમારા મીટરને હાથ લગાવી તો જો તેમ કહી ઉભા રોડ પર દોડાવવાની ધમકી આપી હાથ પગનાં ભાગે ઢીકાપાટુ વડે માર મારી કેતનભાઈને ધક્કો મારી થાંભલા સાથે અથડાવતા ડાબી આંખના ભાગે ગંભીર ઈજાઓ થતાં પ્રથમ ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ઉનાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાતા નવા બંદર મરીન પોલીસે અસલમ, અલ્ફાઝ અને મુસ્કાનબેન વિરુદ્ધ ફરજમાં રૂકાવટ, જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### આયોજન અર્થે મહત્વની બેઠક યોજાઇ

# અમરેલીના ગજેરા કેમ્પસમાં પમી જાન્યુ.થી તાલુકા કક્ષાની ખેલ મહાકુંભની સ્પર્ધા યોજાશે

## સૌપ્રથમ ભાઇઓ અને બહેનો માટે કબડ્ડી સ્પર્ધા




અમરેલી, તા. ૩

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અમરેલીના સ્પોટ્ર્સ મેદાનમાં આગામી ખેલ મહાકુંભનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. જે તા.૦૫/૦૧/૨૦૨૪ના રોજ કબડ્ડી સ્પર્ધા ભાઈઓ તથા બહેનો માટે યોજાશે. તા.૬/૦૧/૨૦૨૪ ના રોજ રસ્સાખેંચ અને યોગાસન ભાઈઓ તથા બહેનો માટે યોજાશે તેમજ તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ બહેનો માટે એથલેટીકસ સ્પર્ધા યોજાશે. તા.૧૨/૦૧/૨૦૨૪ના રોજ ભાઈઓ માટે એથલેટીકસ સ્પર્ધા યોજાશે. તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ ભાઈઓ તથા બહેનો માટે વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત તા. ૦૮/૦૧/૨૦૨૪ના રોજ ભાઈઓ માટે ખો–ખો સ્પર્ધા અને તા. ૦૯/૦૧/૨૦૨૪ના રોજ બહેનોઓ માટે ખો–ખો સ્પર્ધા તુની વિદ્યામંદિર – જેશીંગપરા–અમરેલી ખાતે યોજાઈ રહી છે.

ઉપરોકત સ્પર્ધાનું ભવ્ય આયોજન અમરેલી જીલ્લા વિદ્યાસભા કેમ્પસ ખાતે યોજવા માટેના આયોજનની મિટિંગ મળી હતી. જેમાં અમરેલી જીલ્લાના વ્યાયામ શિક્ષકો, આચાર્યો તેમજ સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. આ ખેલ મહાકુંભની મિટિંગમાં DSDO પુનમબેન ફૂમકીયા, જીલ્લા શિક્ષણ અધિકારી મિયાણી, વ્યાયામ મંડળના પ્રમુખ તથા સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલ મહાકુંભ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ ખેલ મહાકુંભમાં વધુમાં વધુ ભાઈઓ તથા બહેનો ભાગ લઈ અને પોતાના પ્રતિભાના ઓજસ પાથરે તે માટે વિદ્યાસભા પરિવાર દ્વારા આમંત્રિત કરવામાં આવે છે.

### ચેરમેન નરેશ પટેલની અધ્યક્ષતામાં

# રાજકોટ ખાતે આજે ખોડલધામ ટ્રસ્ટ કાગવડનું વિશાળ સ્નેહમિલન યોજાશે

## લેઉવા પટેલ સમાજને પધારવા અનુરોધ થયો



રાજકોટ, તા. ૩

શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડનાં નેજા હેઠળ કામ કરતી શ્રી ખોડલધામ સમિતિ નોર્થ ઝોન, વેસ્ટ ઝોન અને સાઉથ ઝોન રાજકોટ શહેર દ્વારા રાજકોટ શહેરમાં આગામી તારીખ ૪ જાન્યુઆરીને ગુરૂવારના રોજ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરનાં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર પાટીદાર ચોક પાસે આવેલા શુભમંગલ પાર્ટી લોન્સ એન્ડ બેન્કવેટ ખાતે શ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા સર્વ સમાજના લાભાર્થે નિર્માણ પામનાર અદ્યતન કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનું આગામી તારીખ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ભૂમિપૂજન થનાર છે ત્યારે આ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિપૂજન સમારોહનું આમંત્રણ આપવા અને ભૂમિદાન માટે સૌને સંકલ્પબદ્ધ કરવાના આશય સાથે નરેશભાઈ પટેલ આ સ્નેહમિલન કાર્યક્રમમાં હાજરી આપશે.

રાજકોટ શહેરના નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર પાટીદાર ચોક પાસે આવેલા શુભમંગલ પાર્ટી લોન્સ એન્ડ બેન્કવેટ ખાતે સાંજે ૫ કલાકેથી આ સ્નેહમિલન સમારોહ શરૂ થશે. જેમાં મનસુખભાઈ વસોયા (ખિલોરીવાળા) હાસ્યરસ પીરસશે. ત્યારબાદ નરેશભાઈ પટેલ ઉપસ્થિત સૌને રાજકોટ નજીક અમરેલી ગામ ખાતે નિર્માણ પામનાર કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર અંગેની માહિતી આપશે અને સૌને આ માનવ સેવાના કાર્યમાં ભૂમિદાનનાં માધ્યમથી સહભાગી થવા આહવાન કરશે. કાર્યક્રમના અંતે સૌ સમૂહ ભોજન લઈશું. તો આ સ્નેહમિલન સમારોહમાં પધારવા શ્રી ખોડલધામ પરિવાર–રાજકોટ શહેર (નોર્થ ઝોન, વેસ્ટ ઝોન અને સાઉથ ઝોન) લેઉવા પટેલ પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવે છે.

### એચ.બી.સંઘવી મહિલા કોલેજ દ્વારા

# રાજુલાનાં ધારેશ્વર ખાતે એન.એસ.એસ.ના વાર્ષિક કેમ્પનું સમાપન

## ગરબા, પિરામિડ, નાટક જેવી કૃતિઓ રજૂ થઈ



રાજુલા, તા. ૩

મહિલા કાલેજ રાજુલા નો એન.એસ.એસ.વાર્ષિક કેમ્પ ધારેશ્વર પ્રાથમિક શાળા ખાતે સમાપન કાર્યક્રમ યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત સુંદર પ્રાર્થનાથી થયેલ. સમારંભનાં અધ્યક્ષ સંસ્થાનાં સેક્રેટરી બાલક્રિષ્નભાઈ ત્રિવેદી, અતિથિ વિશેષ શાળા પ્રિન્સિપાલ હિરલબેન ઠાકર, વાઈસ પ્રિન્સીપાલ રાજુભાઈ મકવાણા, કેમ્પસ ડાયરેકટર ડો.જીજ્ઞેશભાઈ વાજા, શાળા વ્યવસ્થાપન સમિતિ અધ્યક્ષ શાહ, કોલેજ પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવળ, કારોબારી સભ્ય ગિરધરભાઈ ઉનાગરની ઉપસ્થિતિમાં યોજાયો. મહેમાનોનું પુષ્પગુચ્છ સ્વાગત બાદ શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ સ્વાગત નૃત્ય સાથે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ. એન.એસ.એસ.નાં સ્વયંમ સેવિકાઓ તથા પ્રાથમિક શાળાનાં સંયુકત ઉપક્રમે ગરબા, પિરામિડ, નાટક, એકપાત્ર અભિનય તથા સ્તુતિ ગાન, ગીત–સંગીત રજૂ કરેલ. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા દ્વારા આભાર દર્શન કરવામાં આવેલ. આ તકે કોલેજ સ્ટાફ તથા શાળા સ્ટાફ તથા વાલીગણ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન પ્રોગ્રામ ઓફીસર ડો.સોનલબેન ઝાપડીયાએ કરેલ. ગ્રામજનોનો પૂર્ણ સાથ–સહકાર મળેલ.

# અમરેલીમાં તા. ૭ જાન્યુઆરીએ જી.પી.એસ.સી.ની પ્રિલીમીનરી પરીક્ષા યોજાશે

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૪ને રવિવારના રોજ ગુજરાત રાજય વહીવટી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–રની પ્રિલીમીનરી પરીક્ષાઓ જિલ્લાના ૧૦ કેન્દ્રો પર યોજાશે. ઉમેદવારો, જી.પી.એસ.સી.ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં આપી શકે તેવા હેતુથી નિવાસી અધિક કલેકટર દ્વારા અમરેલી જિલ્લાના આ પરીક્ષા કેન્દ્રોની આસપાસ પ્રતિબંધાત્મક આદેશો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શીતા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક કૃત્યો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં આવેલા ઝેરોક્ષ/ફેકસના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, ફેકસ, કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશન ના સાધનો કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક વિજાણું યંત્રો લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ છે.

પરીક્ષાર્થી કે પરીક્ષા સાથે સંકળાયેલા કોઈપણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકશે નહીં. બિલ્ડીંગમાં પ્રવેશ મેળ વવા પ્રવેશ દ્વારથી જ મોબાઈલ સાથે લઈ જવા પર પ્રતિબંધ છે. અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે–તે સંસ્થાના આચાર્યના રૂમમાં કસ્ટડીમાં રહેશે. તેનો દુરઉપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં ફરજ પર રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ પણ બિન અધિકૃત વ્યકિઓએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેકટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રનાં સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર બાબતે એકરારનામું કરવાનું રહેશે, તેમજ આવા મશીનો સીલ કરીને રાખવા.જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવાનું રહેશે. આ હુકમ તા.૦૭ જાન્યુઆરી, ૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯.૦૦થી સાંજે ૫.૦૦ કલાક સુધી લાગુ પડશે. આ હુકમ પરીક્ષા મથકોમાં પ્રવેશ અંગે વિદ્યાર્થીઓ, ફરજ પરના અધિકારીઓ, કર્મચારીઓ, જાહેર માર્ગ પર પસાર થતા વાહનમાં બેસેલા મુસાફરોને લાગુ પડશે નહીં આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ સજાપાત્ર છે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ કાર્યવાહી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી, સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકો, અમરેલી શહેરી/તાલુકાના પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં આ પરીક્ષા અમરેલી શહેરની કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય, સિવિલ હાસ્પિટલ સામે, ટી.પી. એન્ડ એમ.ટી. મ્યુ. ગર્લ્સ હાઈસ્કુલ, નાગનાથ મંદિર પાસે, અમરેલી, જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ, સરદાર સર્કલ, વરસડા રોડ, અમરેલી, દીપક હાઈસ્કુલ, ગાયત્રી મંદિર પાસે ચિત્તલ રોડ, એસ.એસ.અજમેરા, ગર્લ્સ હાઈસ્કુલ, એસ.ટી. સ્ટેશન રોડ, અમરેલી, સેન્ટમેરી હાઈસ્કુલ, વરસડા રોડ, ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સ, કેરીયા રોડ, શ્રી બી.એન. વિરાણી હાઈ. યુનિટ–૧, પટેલ સંકુલ, ચક્કરગઢ રોડ, શ્રી બી.એન. વિરાણી હાઈ. યુનીટ–૨, ચક્કરગઢ રોડ, પાઠક સ્કુલ, હનુમાનપરા, અમરેલી ખાતે આ પરીક્ષા યોજાશે, તે શાળા વિસ્તારોમાં આ જાહેરનામું લાગુ પડશે.

''અમરેલી એકસ્પ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### અયોધ્યાથી પધારતા ખુશીનો માહોલ

# રાજુલામાં કાંગસિયા સમાજના ઘરે ઘરે અક્ષત કળશનું સ્વાગત

## દરેક વ્યકિતઓને પ્રસાદનું વિતરણ



રાજુલા, તા. ૩

રાજુલા શહેર પાણીના ટાંકા પાસે કાંગસિયા વાડ નાગદાદાના સ્થાનક પાસે અયોધ્યાથી પધારેલ અક્ષીત કળશ કાંગસિયા સમાજના ઘરે ઘરે કળશ પધરાવવામાં આવ્યો હતો. કંકુ, ચોખા, ફૂલોથી વધાવ્યો હતો ત્યારે બહેનો દીકરીઓ બાળાઓ નાની નાની ભૂલકાઓ ભકિતભાવને પ્રસાદ સાથે જયજય શ્રીરામના નારા સાથે અને ઉત્સવ ઉજવાયો હતો ને રામરાજય જેવો અહેસાસ થયો હતો.

અબીલ ગુલાલ કંકુ ફૂલો શેરીએ શેરીએ છવાઈ ગયા હતા. પ્રસાદ લાડવા પેંડા ચોકલેટ ગુંદર પાક બરફી જેવી પ્રસાદ ભકતજનોને દેવામાં આવી હતી. અનેરા ઉત્સવમાં હિન્દુ ધર્મ પ્રેમીઓ ઉમટી પડયા હતા. ભકતજનોની ભીડ જામી હતી.

મહેશભાઈ ટાંક, હરેશભાઈ જેઠવા, દેવશીભાઈ બામણીયા, રાઠોડ પરિવાર કાંગસિયા, સમાજ પરબતભાઈ મોતીભાઈ પટેલ ચંદુભાઈ ભાવુભાઈકરસનભાઈ મોતીભાઈ ધીરૂભાઈ મોતીભાઈ ભીખાભાઈ ભાવુભાઈ ભગાભાઈ ભાવુભાઈ સરવણભાઈ બાબુભાઈ ભાવેશભાઈ બાબુભાઈ સોમાભાઈ કાળુભાઈ જયસુખભાઈ ભગાભાઈ રાજુભાઈ ભગાભાઈ ધનસુખભાઈ ચંદુભાઈ લાલભાઈ ચંદુભાઈ જયસુખભાઈ સરવણભાઈ ભરતભાઈ પરબતભાઈ ધર્મેશભાઈ ધીરૂભાઈ પ્રવીણભાઈ કરસનભાઈ આ રાઠોડ પરિવાર સાથે અનેરો ઉત્સવ ઉમંગ સાથે ઉજવાયો હતો.

### હેલ્પલાઈન નંબર લગાવો અને મદદ તૈયાર

# અમરેલી સહિત રાજયભરમાં સરકારની ''અભયમ્'' સેવાથી મહિલાઓ પ્રભાવિત

## ગોપાલનગરમાં મહિલાઓને સુંદર માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૩

સમગ્ર ગુજરાતની મહિલાને અભય બનાવતી અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનું અમલીકરણ સરળ થયું છે.સરકારની જન ઉપયોગી અનેક સેવાઓ ઉપલબ્ધ બની છે પરંતુ પ્રમાણિકતા પૂર્વક અમલવારી થાય તો સમાજ સુખી બને.હજી ગઈકાલે બ્રાહ્મણ સોસાયટીના ગોપાલ નગર એકમાં વિભાબેન રાજયગુરૂનાં નિવાસસ્થાને કાજલબેન પરમાર અને વનિતાબેન દ્વારા આવી એક બેઠકનુ આયોજન થયેલ. મહિલાઓની વિશાળ હાજરીમા કાજલબેને (કાઉન્સેલર) પોતાની આગવી શૈલીમા મહિલા હેલ્પલાઈનની સેવાનો ઉપયોગ કોણ કરી શકે? મહિલાઓને કઈ કઈ બાબતોમાં મદદ કે માર્ગદર્શન અપાય છે? મહિલાઓને કયા પ્રકારની મદદ અપાય છે? હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ, ફોન પર માર્ગદર્શન, સલાહ અને સૂચન, ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ, મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી વગેરે મહત્વની બાબતે વિસ્તૃત છણાવટ કરી ખાસ કરીને મોટાભાગના ગૃહિણી બહેનોને સરળતાપૂર્વક સમજણ આપી. સોસાયટીના તમામ ઉપસ્થિત બહેનોએ બહુ શાંતિથી અને ઉત્કંઠાથી સમજણ મેળવી સમજ આપનાર બહેનો તરફ આભારની લાગણી વ્યકત કરી આવા કાઉન્સેલર બેનોને સરકારે આવા ઉત્તમ તજજ્ઞો તરીકે કાયમી નિમણૂક આપી મહિલા હેલ્પલાઈનને સાચા અર્થમાં અભય બનાવી મહિલાઓના દુઃખ દર્દ પ્રસંગે એક પ્રકારની સજાગતા અને મહિલાઓનું કલ્યાણ કરવું જોઈએ. બેઠકના અંતે આભાર દર્શન વનીતાબેનને કહ્યું અને બેઠકના આયોજનમાં પધારેલા સૌ બહેનોને વિભાબેન રાજયગુરૂ તરફથી ઠંડાપીણાનું સન્માન કરી બેઠક સંપન્ન કરવામાં આવી.

# અમરેલી પટેલ સંકુલની પ હજાર વિદ્યાર્થીનીઓએ ૩૧ ડિસે.ની ઉત્સાહભેર ઉજવણી કરી



અમરેલી, તા. ૩

અમરેલી પટેલ સંકુલ હોસ્ટેલ નિવાસી ૫૦૦૦ વિદ્યાર્થીનીઓએ પોતાનાં ગૃપ પ્રમાણે ૩૧ ડીસેમ્બર ૨૦૨૩ની ઉજવણી ડાન્સીંગ, સિંગિંગ અને વેશભૂષા સાથે ધો. કેજી થી પીજી સુધીની વિદ્યાર્થીનીઓ સાથે પોતાને મનગમતી વેશભૂષા તેમજ પોતાની મનગમતી કૃતિઓ ગીત–સંગીતની કૃતિઓ રજૂ કરી આનંદભેર ઉમંગથી સંકુલનાં સ્ટેજ પરથી રજૂ કરી.

### ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ

# બાબરામાં પરિશ્રમ શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું

## પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળની મુલાકાત કરી માહિતી મેળવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરામાં પરિશ્રમ શાળા પરિવાર દ્વારા શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્રના જૂનાગઢમાં સક્કરબાગ, ઉપરકોટ તેમજ સાયન્સ મ્યુઝીયમ અને પરબ અને કાગવડ સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરી માહિતી મેળવી આનંદ માણ્યો હતો.

### સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

# આ દેખે જરા : ખાંભા-તુલસીશ્યામ રેન્જમાં સાપ અને નોળિયા વચ્ચે ઘમાસાણ

**૨૦ મિનિટની લડાઈ બાદ નોળિયાનો વિજય**



રાજુલા, તા. ૩

ખાંભા-તુલસીશ્યામ રેન્જ પર સાપ અને નોળિયાની લડાઈનો વિડિયો આવ્યો સામે.

બાબરપરા રેવન્યુ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ખનિજ તત્વોની હેરફેર દરમિયાન

# જાફરાબાદનાં ટીંબી નજીક ઓવરલોડ ટ્રેક્ટરને મામલતદારે ઝડપી લીધા

**વધુ તપાસ ખાણ-ખનિજ વિભાગે શરૂ કરી**

જાફરાબાદ, તા. ૩

જાફરાબાદનાં ટીંબી ગામ નજીક ખનિજ તત્વોની હેરફેરમા નિયમોનો ઉલ્લંઘન થતો હોવાનું જાણીને મામલતદારે સરપ્રાઈઝ ચેકિંગ કરતાં ટ્રેકટરને ઝડપી લઈ વધુ તપાસ અર્થે ખાણ-ખનિજ વિભાગને સોંપી દીધેલ છે.



### આમ આદમી પાર્ટીએ ડો. જીવરાજ મહેતા ચોકમાં માંગ કરી

# અમરેલી જિલ્લાની ગૃહિણીઓને રૂપિયા ૪૫૦માં ગેસ સીલીન્ડર અને દર મહિને ૩ હજારની સન્માન નિધિ આપો

**લોકહિતની યોજનાઓને મફતની રેવડી કહીને મજાક ઉડાવનાર ભાજપે અનેક રાજ્યોમાં રાહત આપી છે**



અમરેલી, તા. ૩

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં જિલ્લા આમ આદમી પાર્ટીનાં સંયોજક નિકુંજ સાવલિયાની આગેવાનીમાં ''આપ''નાં કાર્યકરોએ અમરેલી જિલ્લા સહિત રાજયભરની ગૃહિણીઓને રૂપિયા ૪૫૦માં ગેસ સીલીન્ડર અને દર મહિને રૂપિયા ૩ હજારની સન્માન નિધિ આપવાની માંગ કરેલ છે.

આઝાદ ભારતનાં રાજકારણમાં આમ આદમી પાર્ટીનાં સર્વેસર્વા અરવિંદ કેજરીવાલે એક દાયકા પહેલા મફત વીજળી, શિક્ષણ, સારવાર, પીવાનું પાણી જેવી સુવિધાઓ વિનામૂલ્યે આપીને દિલ્હી અને બાદમાં પંજાબની જનતામાં સફળતા મેળવેલ. જે સમયે ભાજપનાં નેતાઓ કેજરીવાલની કલ્યાણકારી યોજનાને મફતની રેવડી જણાવીને મજાક ઉડાવી રહ્યા હતા. પરંતુ બાદ ભાજપે જ મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ જેવા રાજયોમાં મફતની રેવડી આપવાનું વચન આપી દીધું અને રાજસ્થાનમાં ૪૫૦માં ગેસ સીલીન્ડર આપવાનું શરૂ કર્યુ તેની માંગ સમગ્ર ગુજરાત અને દેશનાં જુદા-જુદા રાજયોમાં પણ શરૂ થઈ રહી છે.

## આ દેખે જરા : ડો. જીવરાજ મહેતા ચોકમાં ખૂંટિયા વચ્ચે ટક્કર



અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં અવારનવાર રખડતા પશુઓ અડિંગો જમાવીને બેઠા હોય છે અને આજે તો બે આખલાઓ વચ્ચે ઘમાસાણ યુધ્ધ શરૂ થતાં શહેરીજનોમાં ફફડાટ ફેલાયો હતો.

### સીસીટીવીની મદદથી ચોરીનો ભેદ ખુલ્યો

# અમરેલીનાં માર્કેટયાર્ડનાં પટાંગણમાંથી મોબાઈલની ચોરી કરનાર યુવક ઝડપાયો

**હંમેશ માટે શ્રમિક યુવક માટે પ્રવેશબંધી કરાઈ**

અમરેલી, તા. ૩

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તા. ૩૦/૧૨/૨૩ને શનિવારનાં રોજ ખુલ્લા ઓપન પ્લેટફોર્મ ગ્રાઉન્ડમાં મરચાની હરરાજી થાય છે. તે સ્થળે મજુરીકામ કરતા એક મજુર ધ્વારા પ્લેટફોર્મના કોલમ પાસે બુટ તથા મોબાઈલ રાખેલ હતા જેમાંથી મોબાઈલ કોઈ શખ્સ ઉઠાવી



ગયેલ. જે અન્વયે સંસ્થાની ઓફિસમાં જાણ કરતા સીસીટીવી જોવામાં આવેલ. જે અન્વયે સાંજે ૪:૧૩ કલાકે અન્ય મજુરી કામ કરતા સોલંકી જગદીશ રાજુભાઈ રહે. બહારપરા ધ્વારા આ મોબાઈલ લેતા જણાતા તેમને સંસ્થની ઓફિસમાં બોલાવી પુછપરછ કરતા તેણે આ મોબાઈલ

**અનુસંધાન પાના ૬ ઉપર**


ખુબ ખુબ અભિનંદન

અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબ ને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...

: શુભેચ્છક :

શ્રી રમેશભાઈ ખીમસુરીયા
Chief Legal AID Defence Councel
શ્રી મનિષાબેન પટેલ
Deputy Chief Legal AID Defence Councel
શ્રી અનિલભાઈ સોલંકી
Legal AID Defence Councel
ડીસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
ભલે ગમે તેટલું ખરાબ થાય તમારી સાથે પણ વિશ્વાસ રાખજો કે તેમાં પણ ઇશ્વરે કંઇક સારૂ જ વિચાર્યુ હશે તમારા માટે !!
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો
95558 11166

0 સિબીલ ઉપર મોબાઈલ ખરીદો
આકર્ષક ઓફર સાથે
અમરેલીમાં પહેલી જ વાર...
શ્રીજી સેલ્ફ ફાયનાન્સ
સરળ હપ્તે
કોઈપણ કંપનીના સ્માર્ટ ફોન મેળવો
સ્માર્ટ ફોન સાથે શ્યોર ગીફ્ટ તો ખરી જ...
- ન કોઈ એરીયા લીમીટ
- ઓછા ડાઉન પેમેન્ટથી મેળવો
નવા મોડલ હાજર સ્ટોકમાં
શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સૈંજલીયા - મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના





વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે





કેવલ વેલાણી (સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)